શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૨મું
નવેમ્બર : ૨૦૧૮ • અંક : ૦૫
પાના નં. ૧ • કુલ પેજ : ૪૪

૧૫ નવેમ્બર, ૨૦૧૮ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૧૧-૨૦૧૮ કિંમત : રૂા. ૧૮/-










આ અંકના સૌજન્યદાતા

**દક્ષેશ સંઘવી : કિરીટ કન્સ્ટ્રકશન કું.**
(ગવર્મેન્ટ માન્ય કોન્ટ્રાકટર)

**ઉમરશીભાઈ જે. કુરુવા (ગોધરા, કચ્છ)**
**અને પ્રમિલા કુરુવા ફાઉન્ડેશન**

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૭૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN FURNITURE**

Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

---

Maheshbhai
M. : 92272 11715

Parag Kataria
M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

---

**Girlie**™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

---

**SILICON**®
ZERO MAINTENANCE LAMINATE



RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

---

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

આપના પરિવારમાં આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમાં, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

---

**iolite**

SCHOOL MANAGEMENT SOFTWARE

IOLITE SOFTWARES PRIVATE LIMITED
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

---

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

---

FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS


FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

**Shivang Institute**
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031


www.artnirman.com
A Project by:
ART Nirman Ltd.
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
RED APPLE MEDIA
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99

# Patel Tours & Travels®

**CENTRALISE NO : (079) 26838788, 88661 55888**








**Online Booking: www.pttbus.in**

## AHMEDABAD / ANJAR / BARODA
## BHUJ / GANDHIDHAM / MUNDRA
## JAMNAGAR / JUNAGADH / MUMBAI
## PUNE / RAJKOT / SURAT

**BUS AVAILABLE HIRE A.C NO A.C 3X2 & VOLVO 2X2 BUS**
**(A.C, NON A.C SLEEPER)**

| | | |
|---|---|---|
| **PALDI**<br>8, Shorff Chembers,<br>Opp. Navchetan High School, Paldi, Ahmedabad.<br>M. 9925433888, 9925244253 | **RAJKOT**<br>Nr. Big Bazar, 150ft Ring Road, Rajkot.<br>M. 9909022441 | **SATELLITE**<br>Mans Complex, Jodhpur Char Rasta,<br>Satellite, Ahmedabad.<br>M. 7874278688, 9925244293 |
| **PUNE**<br>Gogte Travels, Shop No. 29, Patil Plaza,<br>Mitramandal Chawk, Parvati, Pune-9.<br>M. 9689895487 | **S.G. HIGHWAY**<br>Circle-P, Near Prahladnagar Garden, B/s.<br>Honest Restaurant, S.G. Highway, Ahmedabad.<br>M. 7874178688, 8866088818 | **SURAT**<br>Hira Baug, Opp. H.P. Petrol Pump, Surat.<br>M. 9909977996 |
| **BARODA**<br>Harikrupa Building, Nr. Pandya Bridge,<br>Chhani Road, Baroda.<br>M. 7874478688, 9925244275 | **JUNAGADH**<br>Seem Complex, Majewadi Darwaja,<br>Rajkot Highway, Junagadh.<br>M. 9925244289 | **JAMNAGAR**<br>Shop no.2, Shilp Apartment, Indira Marg,<br>Gurudwara, Jamnagar.<br>M. 9909009844 |
| **PARCEL SERVICE AVAILABLE**<br>**ALL ROUTE**<br>**PAY & TO PAY** | **BHUJ**<br>Opp. V.D. High School, Bhuj.<br>M. 9925244259/60 | **e-mail:**<br>**patelinn@yahoo.com** |



## સ્વ. શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા

*આગમન : તા. ૪-૧૧-૧૯૨૨ ● વિદાય : તા. ૨૦-૧-૨૦૧૪*

શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા ૯૦ વરસ સુધી સમાજસેવી અને ધર્મપરાયણ જીવન જીવી ગયા. યુવાન વયે મુંબઈમાં કોલેજકાળ દરમિયાન તેમણે આઝાદીની ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવી. શરૂઆતથી જ તેઓશ્રી ગાંધીવાદી વિચારસરણીના રંગે રંગાયેલા હતા. મૂળ ગામ ગોધરા કચ્છના વતની એવા ઉમરશીભાઈએ તેમની સરકારી નોકરીની શરૂઆત ભુજથી કરી. સમાજકલ્યાણ વિભાગના અધિકારી તરીકે ભુજ કચ્છમાં એમણે એ સમયે સારી એવી લોકચાહના પણ મેળવેલી.

ત્યારબાદ અમદાવાદ ખાતે સમાજકલ્યાણ વિભાગમાં નિયામક પદે પહોંચ્યા હતા. છેલ્લા પછાત વર્ગના બોર્ડમાં તેઓશ્રી સભ્ય સચિવપદે નિવૃત્ત થયા. નિવૃત્તિ બાદ પણ તેઓશ્રી સતત સક્રિય રહ્યા. અમદાવાદની આણંદજી કલ્યાણજી પેઢી, જે જૈન મંદિરોનો વહીવટ કરે છે તેમાં વરસો સુધી મેનેજર તરીકે સેવાઓ આપી હતી. અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને શ્રી કચ્છી સમાજમાં પણ સક્રિય સેવાઓ આપી.

તેમના પત્ની શ્રીમતી પ્રમીલાબહેન ઉમરશીભાઈ કુરુવા પણ સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. તેમના ૧૯૮૪માં અવસાન બાદ તેમની સ્મૃતિમાં પ્રમીલા કુરુવા ફાઉન્ડેશનની શરૂઆત કુરુવા પરિવારે કરી. તેમાં શ્રી ઉમરશીભાઈ સક્રિય રીતે સલાહકાર અને માર્ગદર્શક રહ્યા.

## પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન

http://pramilakuruwafoundation.org

પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન સંસ્થાની સ્થાપના ૧૯૯૭ દરમિયાન કરવામાં આવી છે. સંસ્થાનો મુખ્ય હેતુ જરૂરતમંદ અને નબળા લોકોની સહાય કરવાનો રહ્યો છે. તેમજ કેટલાક મહત્ત્વના ઇસ્યુસ / વિષયોમાં અવેરનેસ જાગૃતિ લાવવા સંસ્થા પ્રયાસ કરે છે. સંસ્થાને અપાયેલ દાન ઇન્કમટેક્ષમાં રાહતને પાત્ર છે.

૧. સંસ્થા મુખ્યત્વે નાતજાત, કોમના ભેદભાવ વગર જરૂરતમંદ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં મદદરૂપ થવા ફી, પુસ્તકો વગેરેની સહાય કરે છે. તેમજ મેરિટવાળા વિદ્યાર્થીઓને ઍવોર્ડો આપવા કે જે તે સંસ્થાને સ્પોન્સર પણ કરે છે.

૨. સંસ્થા દ્વારા ફૂડ કે અનાજ વિતરણ, કપડા વિતરણ જેવા કાર્ય અવારનવાર ગરીબો માટે થાય છે.

૩. મેડિકલ સહાય : જરૂરતમંદ લોકો અને ગરીબોને મેડિકલ રાહત આપવાનું કામ પણ ફંડની મર્યાદામાં થાય છે.

સમાજની અને વ્યક્તિની આ ત્રણ મુખ્ય જરૂરિયાતો છે જેમાં ગરીબો અને મધ્યમ વર્ગને સારી એવી સમસ્યાઓ હોય છે. સંસ્થા ફંડની મર્યાદામાં આવી સમસ્યામાં મદદરૂપ થવાનો પ્રયાસ કરે છે. તેમજ આ પ્રકારના કાર્યો કરતી અન્ય સંસ્થાઓને પણ મદદરૂપ થવાનો નાનો મોટો પ્રયાસ અવારનવાર કરે છે.

### અવેરનેસ / જાગૃતિના કાર્યક્રમો

જુદા જુદા ઇસ્યુસ ઉપર સંસ્થા દ્વારા માહિતી આપવાની તેમજ જાગૃતિ લાવવા માટે અવેરનેસ ઊભી કરવાની પ્રવૃત્તિ થાય છે. જેમાં આરોગ્ય, શિક્ષણ, રોજગારી, સ્વચ્છતા, પર્યાવરણ તેમજ વિકાસ અને હેરિટેજ, સંસ્કૃતિ વગેરે બાબતોમાં પ્રચાર કે અવેરનેસ માટે વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રચાર અભિયાન કરવામાં આવે છે.

### પુસ્તક અભિયાન

પુસ્તકોની ભેટ લાઈબ્રેરીઓમાં કે અન્ય પરબ વગેરે સંસ્થાઓને આપવા ઉપરાંત પુસ્તક પ્રકાશન પણ તાજેતરમાં કરેલ છે.

**ચૌલા કુરુવા**ના અને **પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન**ના પ્રેરણાત્મક અને આરોગ્યલક્ષી તાજેતરના પ્રકાશનો... આ પુસ્તકો ઓનલાઈન **E-book** તરીકે પણ ઉપલબ્ધ છે. **Visit : http://eshabda.com**

| | | |
|---|---|---|
| (૧) | સુખી થવાના સરળ ઉપાયો | (કિંમત : રૂા. ૧૧૦/-) |
| (૨) | આરોગ્ય - હેલ્થ ટિપ્સ | (કિંમત : રૂા. ૧૦૦/-) |
| (૩) | આરોગ્યના અમૃત | (કિંમત : રૂા. ૧૫૦/-) |
| (૪) | હેપ્પીનેસ | (કિંમત : રૂા. ૬૦/-) |
| (૫) | એવરગ્રિન રહો | (કિંમત : રૂા. ૬૦/-) |

**આ તેમજ અન્ય પુસ્તકો સ્ટોક હશે ત્યાં સુધી 'કચ્છશ્રુતિ'ના વાચકો અને કચ્છી સમાજના સભ્યો માટે ૨૫% ડિસ્કાઉન્ટથી મળશે.**

**chaulakuruwa@gmail.com** ● મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦

Dakshesh Sanghvi M. : 98252 26170

# KIRIT CONSTRUCTION CO.

**GOVT. APPR. CONTRACTOR**

**ISO Certified 9001 : 2000 Specialisation**

**Construction of Railway Tracks, Supply of Railway Materials & Stone Ballast,**
**All type of Bridges, Civil & Fabrication Work,**
**Major Earthwork and Transportation Work**

**• HEAD OFFICE •**

A-310, Safal Peagasus
Near Prahladnagar Garden,
100 Ft. Road, Nr. Kiran Motors,
Satellite, Ahmedabad-380 015.
**Ph. : (079) 40067170 Fax : 4006 7170**

**• BRANCH OFFICE •**

F-4, Adinath Commercial Co.Op. Society-1,
Plot No. 583, Ward 12/C,
Gandhidham,
Kutch-370 201. (Gujarat)
**Ph. : (02836) 222 620 Fax : 226358**

**E-mail : kirit_const@yahoo.com**

*Build a Better World*

દક્ષેશ સંઘવી મો. ૯૮૨૫૨ ૨૬૧૭૦



# કિરીટ કન્સ્ટ્રક્શન કંપની



**સરકાર માન્ય કોન્ટ્રાક્ટર**

**આઈ.એસ.ઓ. સર્ટિફાઈડ ૯૦૦૧ : ૨૦૦૦**

**વિશિષ્ટતા**

**■ રેલવેના ટ્રેક્સનું બાંધકામ ■ રેલવેની કામગીરી સંબંધી માલ-સામાન**
**■ રેલવેના પાટા નીચે વપરાતો માલ-સામાન. તે ઉપરાંત, દરેક પ્રકારના બ્રિજનું બાંધકામ અને ફેબ્રિકેશન કામ**
**મોટા પ્રમાણમાં અર્થવર્ક અને ટ્રાન્સપોર્ટેશન કામ.**

**• મુખ્ય ઑફિસ •**

એ-૩૧૦, સફલ પેગાસસ, પ્રહલાદનગર ગાર્ડન પાસે,
૧૦૦ ફીટ રોડ, કિરણ મોટર્સની બાજુમાં,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : (૦૭૯) ૪૦૦૬ ૭૧૭૦ ★ ફેક્સ : ૪૦૦૬ ૭૧૭૦

**• બ્રાન્ચ ઑફિસ •**

એફ-૪, આદિનાથ કોમર્શિયલ કો.ઓ. સોસાયટી-૧,
પ્લોટ નંબર-૫૮૩, વોર્ડ ૧૨/સી
ગાંધીધામ-૩૭૦ ૨૦૧. કચ્છ (ગુજરાત)
ફોન : (૦૨૮૩૬) ૨૨૨૬૨૦ ★ ફેક્સ : ૨૨૬૩૫૮

**E-mail : kirit_const@yahoo.com**

*Build a Better World*

**વર્ષ-૩૨ ● અંક - ૫**
**૧૫ નવેમ્બર, ૨૦૧૮**

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

**તંત્રી સ્થાનેથી**
- દેશના મહાનુભાવોને નત મસ્તકે વંદન ........ **અશોક મહેતા**....૯

**સાંપ્રત**
- કાશ્મીર સમસ્યા અને તેની ગંભીરતા ........ **પ્રા. પૃથ્વી શાહ**....૧૧

**કચ્છ**
- કચ્છના વહાણવટી કાનજી માલમની વાતો વિશે સંશોધનની જરૂર છે. ........ **ડૉ. મિહિર એમ. વોરા**....૧૩

**પ્રાસંગિક**
- ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે – (૫) ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૧૫

**વિચાર મંથન**
- આપણે ખરાબ છીએ, સિસ્ટમ નથી. ........ **ડૉ. યાસીન દલાલ**....૧૯

**સ્વાસ્થ્ય**
- ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૧) ........ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૨૧
**ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**
- આર્થરાઈટિસ – સાંધાનો દુઃખાવો ........ **ડૉ. વિવેક ઠક્કર, M.S. (Ortho.)** ....૨૩

**જબાન**
- શબ્દશોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૪) ........ **તુલસી કંસારા**.....૨૫

**સિને જગત**
- નાનકડી વાત.. ........ **નિરંજન બી. અંતાણી**.....૨૭

**સલામ**
- "સલામ એ સંતને! સલામ એ યાત્રીને!" ........ **જયંતિ ધોકાઇ**....૨૯

**બોધ કથા**
- આ અવિરત ચક્ર... ........ **જયંતિ ધોકાઇ**....૩૦

**માહિતી**
- અર્ધી સદી અગાઉનું અમદાવાદ... મારી સ્મૃતિમાં ........ **સુનિલ અંજારીયા**.....૩૧
- બજતા હી રહા હૂં મૈં...! ........ **નજમા વાચ. ગોલીબાર**.....૩૩

**વિવિધતા**
- પ્રતિભાવ ........ ૩૪
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ....૩૫
- 'કચ્છશ્રુતિ' વિશેષ ........ ....૩૬
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : સપ્તક ગેમ ........ **ભાવના એ. ઝવેરી**....૩૭
- શબ્દ શોધ : ક્રમાંક - ૭૭ ........ **પ્રદીપ જોષી - આદિપુર**....૩૮

**મેઘ ધનુષ**
- ખુમારી : **ખત્રી હુસેન ઇસ્માઇલ (કમર કચ્છી)** ● હવે શક્યતા નથી : **રમેશચંદ્ર જી. વૈદ્ય**.. ...૩૯
- જીવન કોરો આય : **વિપુલભાઈ બી. જોશી 'કચ્છી બેફામ'** ● જોવા આવ્યો છું : **દિલીપ આચાર્ય 'દિલકશ'**.....૩૯

## વિભાગ-૨

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ૪૦




sharpex®
forest & garden solutions

# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !


**શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.**

**શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.**

**નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.**



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો




ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઇટનની ઉપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.
**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઇપ એસ્ટેટ, જી.આઇ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

તંત્રીલેખ

# દેશના મહાનુભાવોને નત મસ્તકે વંદન



અશોક મહેતા

*કચ્છશ્રુતિનો નવેમ્બર-૨૦૧૮નો અંક આપશ્રીના કરકમળમાં આવશે ત્યારે સહુએ વિક્રમ સંવત ૨૦૭૪નું વર્ષ પૂરું કરી સંવત ૨૦૭૫ના વર્ષના આગમનને હર્ષપૂર્વક વધાવી લીધેલ હશે અને ફરી પોતાની નિજ ગરેડમાં આવી, જીવન વ્યતીત કરવાનું શરૂ કરી દીધેલ હશે.*

*કચ્છશ્રુતિના ઓક્ટોબર-૨૦૧૮ના અંક અને નવેમ્બર-૨૦૧૮ના અંકની વચ્ચેના એક મહિનાના સમયગાળામાં સારોયે ભારત દેશ પોતાની બે વિભૂતિઓથી છવાયેલો રહ્યો. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ* ***સરદાર પટેલ જયંતી****ના દિવસે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચી કાંસ્ય પ્રતિમાનું – સ્ટેચ્યુ ઓફ યુનિટીનું – ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું ત્યારે સારોયે દેશ સરદારમય બની જવા પામ્યો.*

*આઝાદી અગાઉ એક તરફ ભારતમાં ૫૬૫ રજવાડા હતા કે જેમના તાબામાં ૧૬ લાખ ચોરસ કિ.મી. જેટલો વિસ્તાર હતો અને અંદાજિત ૯ કરોડની વસ્તી હતી. જ્યારે અન્ય તરફ બ્રિટીશ હકુમત તળે દેશનો ૨૬ લાખ ચોરસ કિ.મી. જેટલો વિસ્તાર હતો અને અંદાજિત ૨૨ કરોડ જેટલી વસ્તી હતી. જો આ ૫૬૫ રાજા - રજવાડાને એક ઝંડા નીચે લાવી સમગ્ર દેશમાં ભેળવી દેવામાં ન આવે તો આ દેશની આઝાદી વિફળ જવાની પૂરેપૂરી શક્યતા રહેલ હતી. સરદાર પટેલે ગણતરીના ૪૦ દિવસમાં જ આ રજવાડાઓના શાસનને દેશના શાસનમાં ભેળવી લેવાની જે કુનેહતાના દર્શન કરાવ્યા, તેનાથી સારોયે દેશ ઐકય બની શક્યો અને તેને પ્રગતિના પંથે દોડવાની તાકાત મળી ગઈ.* ***તેના થકી સરદાર પટેલની ગણના લોખંડી પુરુષ તરીકે થવા લાગી.***

*એ જ રીતે ૧૪ નવેમ્બરના રોજ ભારતના પ્રથમ વડાપ્રધાન* ***જવાહરલાલ નહેરુ****ની પુણ્યતિથિ આવી ગઈ. તેઓના શાસનકાળ દરમિયાન તેઓ આ દેશના સ્વપ્નદૃષ્ટા તરીકે પુરવાર થયા. આઝાદીના એ દિવસોમાં સારોયે દેશ ખેતીપ્રધાન હતો. ઉદ્યોગોનું પ્રમાણ નહિવત હતું. ભારતે આગળ વધવું હોય તો ખેતી કરતા ઉદ્યોગ ક્ષેત્રે આગળ વધવું જોઈએ, એ જે આપણને આજે મહેસુસ થઈ રહેલ છે તેનો ખ્યાલ તેઓશ્રીને એ સમયે આવી ગયેલ હતો. તેઓશ્રીએ પોતાની હયાતીમાં અનેક ઉદ્યોગોને તો પ્રોત્સાહન પૂરું પાડ્યું પરંતુ સાથે સાથે ભારત સરકારે પણ નિજી ઉદ્યોગો શરૂ કર્યા. રાઉરકેલા, ભીલાઈ, દુર્ગાપુરના પોલાદી કારખાના આ નીતિના જ પરિણામો હતા. ત્યારબાદ તો ખેતીની સાથે સાથે અનેક ઉદ્યોગોને પણ પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું. આજે આપણા દેશમાં જે ઔદ્યોગિક સામ્રાજ્ય સ્થપાયેલ છે તે આ સ્વપ્નદૃષ્ટાની નીતિઓનું જ પરિણામ છે.*

***મહાત્મા ગાંધીજીએ આ દેશને આઝાદી અપાવી. સરદાર વલ્લભભાઈ પટેલે આ દેશમાં ઐક્યતા સ્થાપિત કરી, જ્યારે જવાહરલાલ નહેરુએ આ દેશને પ્રગતિના પંથે લઈ જવાની દૃષ્ટિ અપનાવી.***

*આ પ્રસંગે આ દેશના ત્રણે મહાનુભાવોને – મહાત્માજીને, લોહપુરુષને અને સ્વપ્નદૃષ્ટાને – આપણે નત મસ્તકે વંદન કરીએ.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***


NUTS MASTI
MICHI'S®
Candies & Toffees
आईये,
खुशियाँ बाटें...
काजू बादाम भरी
₹2/-
PER PIECE
MICHI'S
Badam
Nuts Masti
MICHI'S
Kaju
Nuts Masti
सब मस्त है!
JRJ®
JRJ FOODS
PVT. LTD.
MANUFACTURER & MARKETER OF
CONFECTIONERY PRODUCTS
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

સાંપ્રત

# કાશ્મીર સમસ્યા અને તેની ગંભીરતા

• પ્રા. પૃથ્વી શાહ - ગાંધીનગર •

ભારતનું કાશ્મીર રાજ્ય તેના તળાવ, ઝરણા, પર્વતો, યાત્રાધામો, બગીચાઓ, ફળો અને કુદરતી સૌંદર્યને લીધે દુનિયામાં પ્રાચીનકાળથી ધરતી પરના સ્વર્ગ તરીકે જાણીતું હતું. અહીંની પ્રજા ધાર્મિક અને શાંતિપ્રિય હતી. પરંતુ ૧૯૪૭માં દેશના ભાગલા થયા. પાકિસ્તાન દેશ અસ્તિત્વમાં આવ્યો. ત્યારથી મુસ્લિમ બહુમતી ધરાવતા અને પાકિસ્તાન સરહદ સાથે સંકળાયેલા આ રાજ્યમાં પાકિસ્તાન તરફથી આક્રમણ થતા રહ્યા અને કાશ્મીરમાં આતંક અને અરાજકતા ફેલાવવાની પ્રવૃત્તિ શરૂ થઈ. આ પ્રશ્નને - સમસ્યાને સમજવા અને કાશ્મીર સમસ્યા કઈ રીતે વકરતી ગઈ અને હાલ શું પરીસ્થિતિ છે અને ક્યાં વધુ લક્ષ આપવાની જરૂર છે એ બાબતને તબક્કાવાર સમજીએ.

**• ૧૯૪૭થી ૧૯૬૦ વચ્ચેનો ગાળો :**

ભારત સાથે કાશ્મીરના લોકોમાં અવિશ્વાસ ઉભો કરવાના પ્રયાસરૂપ આ ગાળો ઓળખાવી શકાય. ઓક્ટોબર ૧૯૪૭માં પાકિસ્તાને કબાઈલીઓની મદદથી કાશ્મીર વિસ્તારમાં આક્રમણ કર્યું. ભારત દગાબાજીથી કાશ્મીરી મુસ્લિમોને પોતાનામાં ભેળવી રહ્યું છે એવો સતત પ્રચાર કર્યો. અલબત્ત, એ સમયે બ્રિટીશ પાર્લામેન્ટે હિન્દુસ્તાનના ભાગલા બાદ કયા રાજ્યે કોની સાથે જોડાવું તેની સત્તા જે તે મહારાજાને આપેલી અને કાશ્મીરના મહારાજાએ ભારત સાથે જોડાણ અંગે ખતપત્ર ઉપર સહી કરી આપી હતી. છતાં પાકિસ્તાન કાશ્મીરી પ્રજામાં ભારત પ્રત્યે અવિશ્વાસ પેદા કરવાના પ્રયત્નમાં વ્યસ્ત રહ્યું.

**• ૧૯૬૧થી ૧૯૭૦નો ગાળો :**

૧૯૬૦ બાદ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં સતત કાશ્મીર પ્રશ્ન રજૂ કરવાનો પાકિસ્તાને પ્રયત્ન કર્યો. આ ગાળામાં કાશ્મીર ખીણમાં આતંકવાદના બીજ રોપવાનો પણ પાકિસ્તાને પ્રારંભ કર્યો. આ માટે જમ્મુ - કાશ્મીર મુક્તિ મોરચો અને અલ-ફતાહ જેવી સંસ્થાની રચના કરી. ૧૯૬૫માં કાશ્મીરને પચાવી પાડવા મુજાહિદો અને રઝાકારોને છાપા મારવાની તાલીમ આપી અને કાશ્મીર વિસ્તારમાં ગેરવ્યવસ્થા સર્જવા પ્રયાસ કર્યો.

પાકિસ્તાન પાસે અમેરિકા પાસેથી મળેલા આધુનિક શસ્ત્રો હોવાથી કાશ્મીરને પોતાનામાં ભેળવવાના સ્વપ્ન સાથે સપ્ટેમ્બર ૧૯૬૫માં ભારત સાથે યુધ્ધના મંડાણ કર્યા પરંતુ ભારતીય લશ્કરે કાશ્મીર મોરચે તેમને ખાળ્યા અને વિજયકૂચ કરતું લાહોરની સરહદ સુધી પહોંચ્યું. પરિણામે પાકિસ્તાનને સમજાયું કે ભારત સાથે સીધા યુધ્ધમાં ઉતરવું તેના માટે હિતકર નથી અને તેના બસની વાત નથી.

આમ છતાં જમ્મુ-કાશ્મીર મુક્તિ મોરચો, અલ-ફતાહ જેવી સંસ્થા મારફત રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ ચાલુ રાખી. ભારતે આ ગાળામાં હેન્ડ ગ્રેનેડ, મશીનગન, બોમ્બ, રોકેટ અને વિસ્ફોટક સામગ્રીનો જથ્થો ઝડપ્યો હતો.

**• ૧૯૭૧થી ૧૯૮૦નો ગાળો :**

અલગ અલગ રીતે નિષ્ફળતા મળ્યા બાદ સ્થાનિક કાશ્મીરી યુવકોને કાશ્મીરમાં આતંક ફેલાવવા તાલીમ આપવા વિવિધ સંસ્થાની રચના કરી. જેમાં પીપલ્સ લીગ, મુજાહિદીન, જમ્મુ-કાશ્મીર મુક્તિ મોરચો, જમાતે ઈસ્લામી, વિદ્યાર્થી મુક્તિ મોરચો મુખ્ય હતી.

**• ૧૯૮૦થી ૧૯૯૦નો ગાળો :**

પાકિસ્તાને કાશ્મીરમાં ભાંગફોડિયા પ્રવૃત્તિમાં અનેક પેંતરા છતાં સફળતા ન મળતાં આ ગાળામાં કાશ્મીર ખીણમાં ફરજ બજાવતા સરકારી અધિકારીઓ, બુદ્ધિજીવીઓ અને અર્ધ લશ્કરી દળોને નિશાન બનાવવાની પ્રવૃત્તિ શરૂ કરી.

કાશ્મીરી પંડિતોમાં શિક્ષણનું પ્રમાણ વધુ હોવાથી સરકારી સ્થાનો - નોકરીઓમાં તેમનું પ્રભુત્વ હોવાથી તે પ્રભુત્વ તોડવા ખીણમાંથી કાશ્મીરી પંડિતોને હાંકી કાઢવાના કાવાદાવા થયા. તેમાં પાકિસ્તાન સફળ પણ થયું. હજારોની સંખ્યામાં કાશ્મીરી પંડિતોને જમ્મુ, દિલ્હી જેવા સ્થળે શરણાર્થી બનવું પડ્યું.

આ ગાળામાં જ પાકિસ્તાનના પ્રમુખ ઝીયા ઉલ હક્કે કાશ્મીરના સ્થાનિક લોકો, જે પાકિસ્તાનના મળતિયા બની ગયા હતા, તેમને કાશ્મીરમાં પોલીસ, સચિવાલયકમાં ક્લાર્ક, સંદેશા વ્યવહાર ઑફિસ તેમજ સરકીટ હાઉસમાં પટાવાળા જેવી સામાન્ય નોકરીમાં ઘુસાડવાનું કાવતરું રચ્યું. ઝીયા મારફત જ આ ગાળામાં સ્થાનિક યુવાનોને સંગઠિત કરી ભારત બહાર લશ્કરી પ્રકારની તાલીમ અપાઈ. આમ, કાશ્મીરી લોકો પાસેથી જ કાશ્મીરમાં ભાંગફોડ કરાવી ભારતને અત્યાચારી ચીતરવાનો પ્રયાસ થયો. અલબત્ત ઝીયા તેમના મનસુબામાં સફળ થાય એ પહેલાં તેમનું આકસ્મિક અવસાન થયું.

- **૧૯૯૦થી ૨૦૦૦નો ગાળો :**

૧૯૯૦થી ૨૦૦૦ના ગાળામાં વિદેશી ધંધાદારી અફઘાન, લિબિયન વગેરે યુધ્ધમાં નવરા પડેલા સૈનિકોને શસ્ત્રો સાથે કાશ્મીરમાં ઘુસાડાયા. આ સૈનિકોને આઈ.એસ.આઈ. મારફત ખીણ વિસ્તારની સમજણ અપાઈ. આ પૈકી અફઘાન સૈનિકો મોટા પાયે ખીણમાં આવ્યા અને પ્રારંભમાં વિદેશી નાગરિકોના અપહરણ - હત્યા કરી. પરંતુ અમેરિકાએ દરમિયાનગીરી કરતાં પાકિસ્તાનના વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોએ પગલા લેવા પડ્યા અને અમુક અપહરણ થયેલા જીવિત પણ મળ્યા. તેથી પાકિસ્તાનની સંડોવણી દુનિયામાં ખુલ્લી પડી. આ ઉગ્રવાદીઓ અફઘાનમાં બોલાતી પુશ્તુ ભાષા બોલતા હતા. કાશ્મીરી ભાષાથી અજાણ હતા. તેથી તેમનો વાવટો જલ્દી સંકેલાયો.

૧૯૯૦ની આસપાસ મુસ્લિમ બુદ્ધિજીવીઓની પણ કત્લેઆમ થઈ. દેશભક્ત મહમદ હલવાઈ, સબ ઈન્સ્પેક્ટર શબ્બીર અહમદ, કાશ્મીર યુનિ.ના ઉપકુલપતિ મુશીર-ઉલ-હક્ક વગેરેની હત્યા થઈ.

૧૯૯૫માં ૬૦૦ વરસ જૂની ચરાર-એ-શરીફ દરગાહ સળગાવી નાશ કરાઈ. આમ, આ ગાળામાં આતંકવાદીઓનો જંગ હિન્દુ - મુસ્લિમ કોમ પૂરતો સીમિત ન રહેતાં માનવધર્મ - શાંતિમાં માનનાર સામે શરૂ થયો હતો.

૧૯૯૩ની આસપાસ અરાજકતા અને આતંક ફેલાવવામાં અલફરાન સંગઠન સક્રિય હતું. પણ તે દુનિયા સામે ઉઘાડું પડ્યા બાદ પાકિસ્તાન તરફી હિઝબુલ મુજાહિદ્દીન તેના સ્થાને આવ્યું. બે-એક વરસમાં વધુ ઉગ્રવાદી સંગઠન લશ્કરે તોઈબાએ તેનું સ્થાન ગ્રહણ કર્યું.

- **૨૦૦૦ પછીનો ગાળો :**

પાકિસ્તાને કાશ્મીરની મૂળ સૂફી સંસ્કૃતિનો સહારો લઈ આ સમયમાં ઘૂસણખોરી અને અરાજકતા ફેલાવવાનો નવો રસ્તો અપનાવ્યો. કાશ્મીરમાં વહાબી મુલ્લા સંચાલિત મસ્જિદો ઊભી કરવામાં આવી. પાકિસ્તાન સ્થિત સાઉદી અરેબિયાના પ્રતિનિધિઓ મારફત તેમને ફંડ અપાવા લાગ્યું. આ મસ્જિદોના સહકારથી જ હુર્રિયત અને કેટલાક ભાગલાવાદી સ્થાનિક રાજનેતાઓએ કાશ્મીરી યુવાનોને પગારદાર પથ્થરમારા તરીકે પાછલા સમયમાં રોક્યા છે. વધુમાં આતંકવાદી પ્રવૃત્તિમાં જોડાયેલાઓને બચાવવામાં પણ ભાગ ભજવવા લાગ્યા. આના પરિણામે ૨૦૧૫ પછી ગેરીલા પધ્ધતિથી પથ્થરમારો થવા લાગ્યો. વધુમાં પથ્થર ફેંકવાની જૂની પધ્ધતિ ચાલુ રહી. આથી ઘણા પોલીસવાળા ઘવાયા. સરકારી દળોએ પેલેટ ગન પુષ્કળ ચલાવી. પરિણામે પથ્થર ફેંકનાર ખરાબ રીતે ઘવાયા તેમજ નિર્દોષ નાગરિકો પણ ઘવાયા.

અલગ અલગ અલગાવવાદી સંસ્થાઓમાં છેલ્લા બે વરસથી ઈસ્લામિક સ્ટેટની માંગણી કરનાર આઈ.એસ. સંસ્થાના તત્ત્વો કાશ્મીરમાં ઘુસ્યા છે. ઈસ્લામિક સ્ટેટ ઑફ કાશ્મીરની તેમની માંગણી છે. હજુ વિવિધ સંગઠન એક થયા વિના પોતાની રીતે પ્રવૃત્તિ કરે છે. તેથી અશાંતિ ચરમસીમાએ જણાવા છતાં કાબૂમાં છે. જો આ સંગઠનો એકત્રિત થઈ કામગીરી કરશે તો ફરી સમસ્યા આંતરરાષ્ટ્રીય સ્વરૂપ તરફ ધકેલાઈ શકે છે.

કાશ્મીરમાં પોલીસો અને આતંક ફેલાવનાર સતત મૃત્યુના મુખે ધકેલાય છે. આતંકવાદી યુવાનીમાં જ મૃત્યુ પામે છે અને બીજા દિવસે તેની ભવ્ય સ્મશાનયાત્રાના છાપામાં સમાચાર હોય છે. આતંક ફેલાવનારની સંખ્યા ઘટવાને બદલે સતત વધી કેમ રહી છે? પોલીસ કર્મીઓ પણ ભયના ઓથારમાં નોકરી છોડવા કેમ મજબૂર બની રહ્યા છે? આ બાબત સત્તાધીશોએ ગંભીરતાથી વિચારવાની જરૂર છે.

કાશ્મીરમાં યુવાનોના હાથમાં પથ્થર સામે પેલેટગન. મોત છતાં આતંકમાં વધારો. અન્યાયની વધતી ભાવના. કર્ફ્યુ અને બંધના એલાન. અજંપા - ભારેલા અગ્નિ જેવી અને કોઈનાય નિયંત્રણમાં નહીં એવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું જણાય છે. આવા સમયે આ સમસ્યાના ઉંડાણમાં જવાની જરૂર છે. પેલેટગનમાં ક્યાંક નિર્દોષો પણ ઘવાયા હશે, ક્યાંક કેટલાક કુટુંબ આર્થિક રીતે પાયમાલ પણ થયા હશે. એ કુટુંબના દર્દને હમદર્દીથી સમજવામાં આવ્યા છે?


આવા સંજોગોમાં કાશ્મીરના વ્યાપાર - રોજગારનો વિકાસ કરવો, સંસ્કૃતિનું જતન કરવું, શિક્ષણ અને રમતગમતને પ્રોત્સાહન આપવું, યુવાનોને સ્વરોજગાર અંગે ગંભીરતાથી વિચારી કેટલાક વખતથી અંધારામાં ધકેલાતી જણાતી બાબતોને સમાચારોમાં યોગ્ય સ્થાન આપી યુવાનોને મૂળ પ્રવાહમાં લાવવાની તાતી જરૂર છે.

*પ્લોટ ૫૭૧/૧/બી, સેક્ટર-૩૦,*
*ગાંધીનગર.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૧૫૭૫*
*મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮*

***નદીનો પ્રવાહ કદી પણ ફરિયાદ નથી કરતો કે આ ધરતી પર ચારેબાજુ ખડકો પથરાયા છે અને તેથી આગળ વધી નહીં શકાય. એ પ્રવાહ વહેવા માટે ઢાળ એની મેળે શોધી કાઢે છે એમ તમારે પણ આગળ વધવા માટે એવો જ કોઈ ઢાળ શોધી કાઢવાનો છે.***

કચ્છ

# કચ્છના વહાણવટી કાનજી માલમની વાતો વિશે સંશોધનની જરૂર છે



ડૉ. મિહિર એમ. વોરા

કચ્છના વહાણવટી કાનજી માલમની વાતો વિશે બહુ જાણવા મળ્યું નથી. પણ લેખક મકરંદ મહેતાએ 'ગુજરાત સમાચાર'માં તેની ઇતિહાસની કોલમમાં બહુ સરસ રીતે આ વાતને ખૂબ ઐતિહાસિક રીતે રજૂ કરી છે. આ માટે તેમનો ખૂબ આભાર. આવો જાણીએ અને માણીએ કાનજી માલમ વિશે. મેં માત્ર માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે જેની નોંધ લેવા વિનંતી છે.

કદાચ ગુણવંત આચાર્યની દરિયાઇ નવલકથાઓમાં આનો ઉલ્લેખ છે તેવું લાગે છે. જગડુશાહ (ઇ.સ. ૧૨૧૦-૧૨૭૫) અને કાનજી માલમ (ઇ.સ. ૧૪૪૨-૧૫૧૬) જેવા કચ્છી વેપારીઓ અને વહાણવટીઓના વૃત્તાંતો બતાવે છે કે તેમણે માત્ર કચ્છની જ નહીં, ગુજરાત અને સમગ્ર ભારતવર્ષની અસ્મિતાને વિશ્વભરમાં દૃષ્ટિગોચર કરી હતી. ૧૮મા સૈકામાં થઈ ગયેલા દાદા મેકરણ નામના સંતે નીચેનાં કચ્છી કાવ્ય દ્વારા કચ્છની અસ્મિતા આબેહૂબ વ્યક્ત કરી છે :

*ઊંડા ઊંડા સાંયર બંબજલ ભરેઆ,*
*તેમાં મચ્છ વસે બહુ મોટા*
*વહાણને વીશ રખે ખરાબે,*
*ચડાવો, માલમ થશે સર્વે ખોટા.*
*કેના કેના બેડલાં પેલે તડ પોતા,*
*વણજુ કરી ઘરે વસેલાં,*
*મરજીવા કોઈ મહાસમુદ્રમાં પેઠા,*
*હીરા બોરી વહાણ ભરેલા.*

કાનજી માલમના સમકાલીન પોર્ટુગીઝ મુસાફર ડુરાટ બાર્બોસાએ ઇ.સ. ૧૫૧૮માં નોંધ્યું હતું તે મુજબ ગુજરાતી અને આરબ વેપારીઓ ગુજરાત ઉપરાંત ઇસ્ફહાન, મસ્કત અને પૂર્વ આફ્રિકામાં ઠેરઠેર ફેલાયા છે અને તેઓ ગુજરાતમાં બનેલા સફેદ બાસ્તા જેવા વસ્ત્રો ધારણ કરે છે. સંખ્યાબંધ સંસ્કૃત, પ્રાકૃત, અરબી અને ચીની સ્રોતો બતાવે છે કે પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં કચ્છી વેપારીઓ અને વહાણવટીઓ કચ્છના જહાજવાડામાં બનેલા વહાણોમાં મીઠું, અફીણ, ઢાલ, તલવાર, ચપ્પુ, કિનખાબ, જાડું કાપડ, ધાબળા અને પગરખાં જેવી ચીજવસ્તુઓને લાદીને દરિયાપારનાં દેશોમાં જતા અને ત્યાંથી ખજુર, હાથીદાંત, ઘઉં, ચોખા, નારીયેળી, સૂકો મેવો, રેશમ અને મરીમસાલા કચ્છમાં ઠાલવતા. તેઓ પૂર્વ આફ્રિકામાંથી હાથીદાંતની આયાત કરતા. કચ્છમાં તેમાંથી ચૂડા જેવી વિવિધ ચીજો બનાવતા અને આફ્રિકા અને અન્ય દેશોમાં વેચતા. કચ્છીઓની પૂર્વ આફ્રિકામાં વસાહતો હતી.

મહંમદ બેગડા અને કાનજી માલમનો એક સમકાલીન મલીક અયાઝ હતો. તે મહાન નૌકાધિયન્સ અને દીવનો ગવર્નર હતો. તે સમયે ભરૂચ અને ખંભાત ઉપરાંત કચ્છના ભદ્રેશ્વર, કોટેશ્વર, માંડવી અને મુંદ્રા જેવા બંદરોમાં રહેતા વેપારીઓ અગ્નિ એશિયા, પૂર્વ આફ્રિકા, ઇરાન અને અરબસ્તાનમાં આવેલા જાવા, સુમાત્રા, ઝાંઝીબાર, મોમ્બાસા, મલિંદી, દારેસલામ, મસ્કત અને એડન જેવા બંદરો સાથે વેપાર કરતા. તેમાં પણ કચ્છ અને સૌરાષ્ટ્રના વહાણવટીઓ ખૂબ કાર્યકુશળ અને અનુભવી ગણાતા. દેશવિદેશમાં તેમનો ડંકો વાગ્યો હતો. કાનજી ભદ્રેશ્વર બંદરનો મુસ્લિમ ભડાલા (બનતા સુધી ભાટિયા) ઇસ્માઇલી ખોજા હતો. ખોજાઓ અસલમાં હિંદુ (લોહાણા અને ભાટિયા) હતા. ૧૨મા સૈકામાં ઇસ્માઇલી નિઝારી ઉપદેશકોની અસર હેઠળ તેઓ ઇસ્લામમાં વટલાયા હતા. સદીઓ સુધી એમના રીતરિવાજો હિંદુ જેવા હતા. વીરજી, કાનજી, શિવજી, ઇબજી, ધનજી અને રૂપજી જેવા નામો પણ એવા કે નામો પરથી કોઈ માણસ કળી ન શકે કે તે હિંદુ છે કે મુસલમાન. મુસ્લિમ નાવિકો ભડાલા તરીકે અને હિંદુઓ ખારવા તરીકે ઓળખાતા. કચ્છી નાવિકો તો આવા કૃત્રિમ ભેદભાવ રાખ્યા વગર એકબીજાનું ખાતાપીતા અને દરિયાપીર, આશાપુરા અને સીકોતર માતાને શ્રીફળ વધેરીને તથા પૂજા આરાધના કરીને વહાણો હંકારતા. તમામ જાતનાં કચ્છીઓને એકસમાન રીતે સાંકળતી સાંકળ કચ્છી ભાષા અને લિપી હતી. આજે પણ કચ્છી ભાષા વિશ્વભરમાં ફેલાયેલા કચ્છીઓની અસ્મિતાનાં પ્રતિકરૂપ છે. કાનજી માલમ કચ્છી હતો. તેની માતૃભાષા કચ્છી હતી. ભદ્રેશ્વર અને માંડવી બંદરો પરથી થઈને તે મસ્કત ઉપરાંત મોમ્બાસા, મલિંદી, મોગાદીસુ, કિલ્વા, ઝાંઝીબાર અને દારેસલામ જેવા બંદરોની સફરે જતો.

કચ્છની વહાણવટાની અસ્મિતાનો સૌપ્રથમ વિશ્વપ્રસિદ્ધ મશાલચી કાનજી માલમ હતો. એ દરિયાઇ પવનો, વહાણોની દિશા, નકશા, અક્ષાંસ-રેખાંશ અને વહાણવટાનાં ચાર્ટસનો નિષ્ણાત હતો. વાસ્કો-દ-ગામાનું વહાણ તેણે પૂર્વ

આફ્રિકાનાં કેનિયાનાં બંદર મલિંદીથી મલબાર કિનારાના કાલીકટ બંદર સુધી હંકાર્યું હતું. એ પોર્ટુગીઝ મુસાફર અને તેનાં કાફલાને આફ્રિકાના કેપ ઑફ ગુડ હૉપની પ્રદક્ષિણ કરીને કાલીકટ બંદર લઈ આવ્યો હતો. ત્યારબાદ ૧૬મા સૈકામાં પોર્ટુગીઝોએ હિંદી મહાસાગર અને રાતા સમુદ્રમાં દરિયાઈ સાર્વભૌમત્વ પ્રાપ્ત કરીને વિશ્વનાં ઈતિહાસને બદલ્યો હતો. જો વાસ્કો-દ-ગામાની જેમ કાનજી માલમને રાજયાશ્રય મળ્યો હોત તો ઈતિહાસ કાંઈક જુદો જ હોત. ગમે તેમ, પણ વિશ્વનો દરિયાઇ નકશો બદલનાર કચ્છી વહાણવટી કાનજી માલમ હતો.

કચ્છી જૈન, ભાટિયા, લોહાણા, ખોજા, વહોરા અને મેમણ વેપારીઓ તે સમયે મસ્કત, રોકોત્રા, ઍડન, માડાગાસ્કર, કિલ્વા, મલિંદી અને મોગાદીસુ જેવા બંદરો અને ટાપુઓ સાથે વ્યાપારી ઘરોબો ધરાવતા હતા. ગુજરાતીઓ તો છેક પ્રાચીનકાળથી પૂર્વ આફ્રિકામાં જતા હતા. તેઓ ત્યાંના બંદરોને 'કાલીય દ્વીપ' તરીકે ઓળખતા. ત્યારબાદ આરબોએ પૂર્વ આફ્રિકામાં પ્રવેશ કર્યો અને ૯મા સૈકામાં તેઓ તેનાં શાસક બની બેઠા. કાનજી માલમ તેની એક સફર વખતે પૂર્વ આફ્રિકાના બંદરોમાં ગયા ત્યારે તેનો શાસક શેખ અહમદ નામનો આરબ હતો. તે સમયે અનેક આરબો ભરૂચ, ભદ્રેશ્વર, ખંભાત, સોમનાથ અને માંડવી જેવા બંદરોમાં રહીને વેપાર કરતા હતા. આરબ વેપારીઓનું મહત્ત્વ પીછાનીને તો જગડુશાહે ભદ્રેશ્વરમાં અને વસ્તુપાલે ખંભાતમાં મસ્જિદો બાંધી હતી. આમ કાનજી માલમનાં પૂર્વ આફ્રિકા સાથેનો સંબંધ અકસ્માતરૂપ નહોતો. તેની પાછળ ઐતિહાસિક હકીકતો હતી. આવા સંજોગોમાં જયારે વાસ્કો-દ-ગામા પોર્ટુગલના લિસ્વન બંદરથી રવાના થઇને તા. ૧૪ એપ્રિલ, ૧૪૯૮ના રોજ મલિંદા બંદરે પહોંચ્યો તે સમયે કાનજી માલમ આરબ રાજા શેખ અહમદનો વિશ્વાસુ વહાણવટી હતો. મલિંદી બંદરના આરબ શેખનાં કહેવાથી કાનજી માલમ વાસ્કો-દ-ગામાના નૌકા કાફલા સાથે મલિંદીથી તા. ૨૪ એપ્રિલ, ૧૪૯૮ના રોજ ઉપડ્યો. તે પોતાની પાસે ચતુષ્કોણીય યંત્ર, મેરીનર્સ કંપાસ, આલેખો અને દરિયાઇ નકશાઓ લઇને રવાના થયો હતો. એણે વિશ્વના ઈતિહાસમાં પહેલી વખત દક્ષિણ આફ્રિકામાં આવેલા કેપ ઑફ ગુડ હૉપની પ્રદક્ષિણા કરી અને ત્યાંથી તે વહાણ હંકારીને મલબાર કિનારે આવેલા કાલીકટ બંદરમાં તા. ૨૦ મે, ૧૪૯૮ના રોજ પહોંચ્યો. કેરાલા રાજયમાં આવેલું કાલીકટ બંદરનું નામ હવે 'કોઝીકોડ' છે. તે સમયનાં ઝામોરીન રાજાએ કાનજી માલમ અને વાસ્કો-દ-ગામા અને તેનાં પોર્ટુગીઝ કાફલાનાં વહાણવટીઓ અને વેપારીઓને આવકાર્યા. કચ્છી વેપારીઓ તો તેની સદીઓ પહેલા કચ્છના બંદરોએથી ઉપડીને કાલીકટ પહોંચી જતા પણ **વાસ્કો-દ-ગામાને સીધા દરિયાઈ માર્ગ દ્વારા કાલીકટ લાવનાર સૌપ્રથમ કાનજી માલમ હતો.** યુરોપિયન વહાણવટી વાસ્કો-દ-ગામાના વહાણને કાનજી માલમ મલબાર કિનારે કાલીકટ બંદર લઇ આવ્યો હતો. એલેકઝાન્ડર બર્ન્સ નામનો અંગ્રેજ તેનાં સમયનાં વીરજી માલમ જેવા વહાણવટીઓનાં પરિચયમાં આવ્યો હતો. તેણે ૧૮૩૪માં લખ્યું 'યુરોપિયનોને એ જાણીને નવાઈ લાગશે કે કાનજી માલમ અને રામસિંહ માલમ જેવા વહાણવટીઓ દરિયાપારનાં દેશોમાં ઘૂમતા હતા. કચ્છ અને સૌરાષ્ટ્રનાં વહાણવટીઓ ચતુષ્કોણીય યંત્રોનો, આલેખનો (ચાર્ટસ) અને નકશાઓનો ઉપયોગ કરીને તેમનાં વહાણો આજે (૧૮૩૪) પણ હંકારે છે. તેના નમૂનાઓ ઉપલબ્ધ છે.'

જર્મન સ્ટ્રેન્ડ્સએ ૧૮૯૯માં લખ્યું હતું : 'વાસ્કો-દ-ગામાના વહાણો લિમ્બન બંદરથી મલિંદી આવ્યાનાં નવ દિવસ બાદ મલિંદીમાં રહેતા 'માલમ કાનાકવા' (કાનજી માલમ) નામના ભારતીય સુકાનીએ તેનું વહાણ હિંદી મહાસાગરમાં હંકાર્યું હતું. તે સહીસલામત રીતે પોર્ટુગીઝ કાફલાને મલિંદીથી કાલીકટ લઈ આવ્યો હતો.'

એફ.બી. પીયર્સ નામના અંગ્રેજે ૧૯૨૦માં લખ્યું : **'હું ખાતરીપૂર્વક કહું છું કે કચ્છના રહેવાસી કાનજી માલમે મલિંદી બંદરથી વહાણ હંકાર્યું હતું** અને તે હિંદી મહાસાગર તથા કેપ ઑફ ગુડ હૉપ ઓળંગતો ઓળંગતો મલબાર કિનારાનાં કાલીકટ બંદરે પહોંચ્યો હતો. વાસ્કો-દ-ગામાને એણે દરિયાઇ માર્ગ બતાવ્યો હતો.

સિંથિયા સલ્વાડોરી નામનાં ઇટાલિયન ઈતિહાસકાર તેમનાં સંશોધન માટે જયારે ૧૯૮૯-૯૧માં પૂર્વ આફ્રિકા ગયા ત્યારે તેઓ મોમ્બાસામાં કાનજી માલમના વંશજો યાકુબ અબ્બાસ કાના અને ઈસાક કાનાને મળ્યા ત્યારે તેમણે સિંથિયા સલ્વાડોરીને વંશાવલી તથા નકશાઓ દેખાડ્યા હતા. તેમણે કહ્યું : 'અમે કાનજી માલમનાં વંશજો છીએ. દરિયાઇ સફરનું લોહી આજે પણ અમારી નસોમાં વહે છે. અમે વહાણવટી છીએ. અમારા પૂર્વજોની જેમ અમે પણ દરિયાઇ સફર કરતાં પહેલાં દરિયાપીર, સીકોતર અને આશાપુરાની આરાધના કરીએ છીએ.'

કચ્છના ઘણા લોકો આના વિશે નથી જાણતા. તેમને માટે આ એક વિશેષ માહિતીસભર લેખ છે તેવું મારું માનવું છે. આમ, ખરેખર કાનજી માલમ વિશે હજી પણ સંશોધન કરવાની જરૂર છે. કચ્છ યુનિવર્સિટીમાં પીએચ.ડી. ઇન ઈતિહાસમાં આના વિશે સંશોધનની જરૂર છે તેવું મારું માનવું છે.

*(સંદર્ભ : મકરંદ મહેતા, ગુજરાત સમાચાર)*

પ્રાસંગિક

# ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કોલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે – (૫)



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

(ગતાંકથી ચાલુ)

૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભીષણ ભૂકંપના કારણે કોલેજનું બિલ્ડિંગ ધરાશાયી થઈ ગયું. સદ્‌ભાગ્યે ત્યાં જાનહાનિ ન થઈ. પ્રાપ્ત માહિતી મુજબ લગભગ ૧૪ કરોડના ખર્ચે બે વર્ષ બાદ ઈ.સ. ૨૦૦૩-૨૦૦૪ દરમિયાન નૂતન બિલ્ડિંગમાં શિક્ષણનો પ્રારંભ થવા પામ્યો. આ ઈમારત વિશાળ અને અદ્યતન છે. સુંદર બાગ બગીચા, કહો કે બોટેનિકલ ગાર્ડન, વિશાળ સભાગૃહ, લેબોરેટરીઓ, લાઈબ્રેરી, પ્લે ગ્રાઉન્ડ, લેડિઝ - બોયઝ હોસ્ટેલ, સ્ટાફ ક્વાર્ટર્સ આદિથી સુસજ્જ છે. વિદ્યા દેવી સરસ્વતી માતાની મૂર્તિ પ્રવેશદ્વારે શોભી રહી છે.

પ્રિન્સિપાલની ચેમ્બરમાં આધુનિકતાનો ઑપ દૃશ્યમાન થાય છે. પ્રિન્સિપાલશ્રીઓની નામાવલી, જી.એસ.ની નામાવલી, ગોલ્ડ મેડાલિસ્ટો તથા એન.એસ.એસ.ના શ્રેષ્ઠ કેડેટ્સની યાદી પણ જળવાયેલી છે. ઈ.સ. ૧૯૫૩થી પ્રારંભ થયેલી આ કોલેજના પ્રથમ પ્રિન્સિપાલ શ્રી કે.વી. દેસાઈ હતા. બાદમાં શ્રી એન.ઝેડ. પટેલ, શ્રી વાય.ડી. ભાવે, શ્રી એસ.એમ. શાહ, શ્રી એન.બી. નાયક, શ્રી આઈ.જે. બુચ, ડૉ. બિપીન ઝવેરી, શ્રી ડી.એમ. દેસાઈ, શ્રી વાય.પી. દેશપાંડે, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી એન.જે. શુક્લ, શ્રી ઈ.એમ. બલસારા, ઈ.આ. ડૉ. એમ.એ. જાની, ડૉ. જી.ડી. શર્મા, ઈ.આ. શ્રી એસ.ટી. રાજદેવ, શ્રી એમ.એમ. પરમાર, ઈ.આ. શ્રી એચ.બી. પટેલ, ડૉ. એમ.આઈ. પટેલ, ઈ.આ. શ્રી સી.જે. વાળા, ઈ.આ. શ્રી જી.એસ. રાવ, શ્રી એ.એન. પટેલ - ઈન્ચાર્જ, ઉપરાંત ઈન્ચાર્જમાં રહેલા ડૉ. મહેશ ઠક્કર.

હાલે પ્રિન્સિપાલ તરીકે મારા અર્થશાસ્ત્ર વિષયના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી પરેશભાઈ રાવલ (ઈ.આ.) આચાર્યપદ વહન કરી રહ્યા છે.

ઈ.સ. ૧૯૫૬થી ઈ.સ. ૧૯૬૦ સુધી અમારી સાત મિત્રોની એક ટીમ હતી. અમારા લીડર તરીકે શ્રી એચ.એચ. જોષી હતા. એચ.એચ. અર્થાત્ હિઝ હાઈનેસને 'બાવા' સંબોધન થતું, તેમ હંસરાજભાઈ જોષીને અમે 'બાવા' કહેતા. તેઓ વયમાં મોટા તથા બે બાળકોના પિતા હતા. રેવન્યુમાં સર્વિસ કરતા હતા. અન્યોમાં સર્વશ્રી સુભાષ દેસાઈ, પુષ્પદાન ગઢવી, નિરંજન બુચ, ભગવાનજી વાયડા, કાંતિભાઈ ઠક્કર તથા આ લેખના લેખક. શ્રી એચ.એચ. જોષી જી.એસ. પણ બનેલા. અમે સૌએ વિવિધ સ્થળોએ ટ્રિપના આયોજનો કરેલા. ભુજના હમીરસર તળાવમાં અમે નૌકાવિહાર અવારનવાર કરતા. શરદ પૂનમના તો લગભગ રાતે ૧૦થી પરોઢિયે ૪ વાગ્યા સુધી.

નૌકાની કેપેસિટી ૧૫ વ્યક્તિની ખરી. અમો આઠ જણા હતા. મારા ભાઈ ઉપેન્દ્રભાઈ હાર્મોનિયમ વગાડતા. મારા ફાળે ગાવાનું તથા તબલા વાદન. એક સમયે મોટી કસોટી થવા પામી. ભોઈવાળા આરા પાસે કાદવમાં હોડી ફસાઈ ગઈ. રાત્રે એકનો સુમાર. માત્ર ત્રણ જણને તરતા આવડે. શ્રી પુષ્પદાનભાઈ ગઢવીએ હિંમત કરી. ચિંતા કરવાનું કારણ નથી તેમ જણાવી બીજા બે મિત્રો કે જેઓ તરવાનું જાણતા હતા તેમને હોડીમાંથી નીચે ઉતાર્યા. કાદવમાં ઊભા રહી, સૌએ જોર લગાવ્યું અને કાદવમાંથી હોડી પાણીમાં તરત સરકતાં જ જીવને શાંતિ થઈ.

ધૂળેટીની રજાના દિવસે જે.એન. શુક્લ સાહેબે તથા શ્રી રમેશભાઈ શુક્લે પીરિયડ રાખ્યા. અમોએ નારાજગી બતાવી. તેઓ મક્કમ રહ્યા. અમારી ટીમના સૌને ટીખળ કરવાનું મન થયું. વહેલા ક્લાસરૂમમાં પંખાએ પર ગુલાલના પાઉચ ઠાલવી દીધા. સ્વિચો બંધ કરી માત્ર લાઈટો ચાલુ રાખી હતી. જે.એન. શુક્લ સાહેબને પરસેવો બહુ જ થતો. તેઓ પંખાની સ્વિચ ચાલુ કરવા કહેશે તે નિશ્ચિત હતું. શુક્લ સાહેબ આવ્યા કે તરત જ સ્ટેજ પરથી બોલ્યા, 'સ્વિચ ઓન કરો.' ત્યાંજ ફેન પરનો ગુલાલ તેમના માથે આવી પડતાં જ ગભરાઈ ગયા. અમારા વિદ્યાર્થી ભાઈ-બહેનો તો નાની નાની રંગની પીચકારીઓ ભરીને જ લાવેલા. શુક્લ સાહેબે સહજતાપૂર્વક કહ્યું, "અચ્છા હુઆ આપ લોગોંને ગુલાલ રખ્ખા. છોટે છોટે પથ્થર રખે હુએ હોતે તો ક્યા હોતા?"

પ્રા. રમેશભાઈ શુક્લ તો સુટ ટાઈમાં સજ્જ હતા. તેમની વિનંતી માન્ય રાખી, તેઓશ્રીના લલાટે તિલક કર્યું. કમ્પાઉન્ડમાં સાથી મિત્રો, ભાઈ-બહેનો રંગે ખૂબ જ રમ્યાનું યાદ છે.



ઈ.સ. ૧૯૯૫માં લાઈબ્રેરિયન શ્રી વિનોદભાઈ શાહ નિવૃત્ત થતાં તેમના વિદાયમાનના સમયે સ્ટાફ ક્લબના પ્રમુખ શ્રી સૂર્યકાંત ભટ્ટ વક્તવ્ય આપે છે. વચ્ચે પ્રિ. એમ.આઈ. પટેલ. છેવાડે પ્રા. કે.વી. અમીન




એક કાર્યક્રમના અવસરે : ડાબેથી પ્રા. જટાણીયા, L.R. અનુપમા ઠક્કર, G.S. પ્રદીપ ઠક્કર, પ્રિ. જે.એન. શુક્લ, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ કુંદનભાઈ ધોળકિયા અને તે સમયે કચ્છના કલેક્ટર શ્રી એલ. એમ. સુદ



રનિંગ સ્પર્ધાના સમયે સ્ટાર્ટ આપતા
પૂર્વ સાંસદ શ્રી હિંમતસિંહજી (ડાબી તરફ), પ્રિ. જાની,
પ્રા. દેસાઈ, હિંદીના પ્રોફેસર વૈશ્નવ, એ.જે. પટેલ (પી.ટી.આઈ.)




એક કાર્યક્રમમાં ઈનામોનું વિતરણ કરતા બ્રિગેડિયર પહેલા જાની,
પ્રિ. જે.એન. શુક્લ, પૂર્વ સાંસદ મ.કુ. શ્રી હિંમતસિંહજી.
પ્રા. કમલ મહેતા એનાઉન્સમેન્ટ કરી રહ્યા છે.



G.S. પ્રદીપ ઠક્કર




ભુજ ટાઉન હોલમાં સિલ્વર જ્યુબિલી નિમિત્તે એક કાર્યક્રમમાં બહેનોનો રાસ



સાહિત્ય સમિતિના ઉપક્રમે કવિ મિલન
કાર્યક્રમમાં કવિશ્રી માધવ રામાનુજ
પોતાની રચના રજૂ કરી રહ્યા છે.

## લાલન કોલેજમાં એન.સી.સી.ના અનુભવો

અમારા અભ્યાસકાળ દરમિયાન ઈ.સ. ૧૯૫૬થી લાલન કૉલેજમાં એન.સી.સી. (નેશનલ કેડેટ કોર્પ) ખૂબ જ સક્રિય હતું. એન.સી.સી. ઑફિસ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની સમિપમાં હતી. તાલીમનો સમય સપ્તાહમાં ત્રણ વખત સવારે ૭ થી ૮ કલાક સુધીનો હતો. ૧૫ ઓગસ્ટ તથા ૨૬ જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વોની પરેડમાં હાઈસ્કૂલમાંથી એન.સી.સી. જુનિયર તથા કૉલેજમાંથી સિનિયર ડિવિઝન ભાગ લેતું.


પ્રા. ડૉ. મનસુખભાઈ એચ. અંતાણી

દિલ્હી સ્થિત સેરીમોનિયલ પરેડમાં પણ અહીંથી એન.સી.સી.ના શ્રેષ્ઠ કેડેટને ભાગ લેવા મોકલવામાં આવતા. અત્રે એન.સી.સી.ના કેપ્ટન શ્રી વિજયસિંહ જાડેજા હતા. જેઓ ગુરખા રેજિમેન્ટમાંથી આવેલા. સુબેદાર શ્રી રામકૃષ્ણ થાપા તાલીમ આપતા. લેફ્ટનન્ટ તરીકે પ્રા. શ્રી આર.એસ. દવે તથા પ્રા. ડૉ. શ્રી મનસુખભાઈ હરિલાલભાઈ અંતાણી હતા. સવારે તાલીમ બાદ નાસ્તો આપવામાં આવતો.

ભુજથી થોડે દૂર ટપકેશ્વરીથી આગે ખાસ મિલિટરીનો ફાયરિંગ બટ હતો, જ્યાં અમોને ફાયરિંગની તાલીમ મળેલી. જેમાં ટુ નોટ ટુ રાઈફલ, થ્રી નોટ થ્રી, સ્ટેન્ડગન તથા એલ.એમ.જી. લાઈટ મશીનગનના ફાયરિંગની તાલીમ અપાતી હતી. વર્ષમાં બે ટ્રેનિંગ કેમ્પ થતા. એક કચ્છના કોઈ સ્થળે તો બીજો અન્ય જિલ્લામાં. તાલીમ કેમ્પમાં છેલ્લા દહાડે “કેમ્પ ફાયર” ઉત્સવ ઉજવાતો.

ભાદરવા માસના સખત તાપમાં કચ્છમાં કોડાય મધ્યે કેમ્પ એક સપ્તાહનો હતો. કોડાયથી માંડવી લગભગ ૧૦ કિ.મી.નું અંતર ચાલીને જવાનું. રસ્તામાં પાણી પણ પીવાનું નહીં. પાણી માંગો તો ઑફિસર કહેતા કે પાણીની કલ્પના કરીને પાણી પી લેવાનું. કેટલો સમય પાણી વિના ચલાવી શકો તે આ તાલીમ દ્વારા અનુભવી શકાય. બોર્ડર પરના આપણા સૌ સૈનિકો કેટલી બધી વિટંબણાઓનો સામનો કરતા હોય છે, તેનો આ તાલીમથી ખ્યાલ આવતો હતો.

*(સંપૂર્ણ)*

*લીમડા લાઇન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

Splendid
P & G Enterprise
Kitchenware, Household Products & Corporate Gifts
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
• PACKED & MARKETED BY •
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow
• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010
• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com



# દીપોત્સવ અને નૂતનવર્ષની શુભેચ્છાઓ સાથે

## આપના માટે વિરલ વિભૂતિઓનાં જીવનચરિત્રનાં પુસ્તકો




### આત્મકથાઓ

| | | |
|---|---|---|
| જીવનપંથ | ધૂમકેતુ | 120 |
| મારા અનુભવો (પુરસ્કૃત) | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| मेरे अनुभव | स्वामी सच्चिदानंद | 400 |
| કડવામીઠા અનુભવો | સ્વામી સચ્ચિદાનંદ | 120 |
| મારી બાયપાસ સર્જરી | સ્વામી સચ્ચિદાનંદ | 30 |
| મારા ઉપકારકો | સ્વામી સચ્ચિદાનંદ | 45 |
| એવા રે અમે એવા | વિનોદ ભટ્ટ | 200 |
| મ.ન. દ્વિવેદીનું આત્મવૃત્તાંત | ડૉ. ધીરુભાઈ ઠાકર | 130 |
| સ્મરણમાધુરી | ડૉ. ધીરુભાઈ ઠાકર | 175 |
| સત્સંગમાધુરી | ડૉ. ધીરુભાઈ ઠાકર | 60 |
| અંગત-બિનઅંગત | ડૉ. ધીરુભાઈ ઠાકર | 60 |
| મારા સાધુજીવનનાં સંસ્મરણો | મુનિશ્રી કલ્યાણચંદ્રજી | 45 |
| અમાસના તારા | કિશનસિંહ ચાવડા | 175 |
| મારી લોકયાત્રા | ભગવાનદાસ પટેલ | 125 |
| મારી આનંદયાત્રા | ભગવાનદાસ પટેલ | 300 |
| જીવન – સ્મરણોના સથવારે | નાનુભાઈ સુરતી | 140 |
| મારી કરમકથની (પુરસ્કૃત) | નાગજીભાઈ દેસાઈ | 120 |
| મેરા જીવન સંગીત | ડૉ. કમલેશ અવસ્થી | 200 |
| હું સંભારણા અને સફર | દલપત ચૌહાણ | 120 |
| ફૂટનોટ | યશવંત મહેતા | 150 |

### જીવનચરિત્રો

| | | |
|---|---|---|
| વસ્તુપાળ અને તેજપાળ | સ્વામી સચ્ચિદાનંદ | 80 |
| સાચા મહાપુરુષો | સ્વામી સચ્ચિદાનંદ | 180 |
| સંતચરિત્રો અને ચિંતન | સ્વામી સચ્ચિદાનંદ | 200 |
| શિવાજીની શૌર્યગાથા | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| અપંગનાં ઓજસ | કુમારપાળ દેસાઈ | 180 |
| મહાયોગી આનંદઘન | કુમારપાળ દેસાઈ | 150 |
| સોરઠી સંતો | ઝવેરચંદ મેઘાણી | 200 |
| પપાસ્વામી રામદાસ (ખંડ 1થી4 સંયુક્ત) | રમણલાલ સોની | 600 |
| પંડિત સુખલાલજી | ડૉ. રમણલાલ ચી. શાહ | 90 |
| ગુરુ ગૌતમસ્વામી | રતિલાલ દીપચંદ દેસાઈ | 56 |
| હૈયે પગલાં તાજાં (પુરસ્કૃત) | મનસુખ સલ્લા | 170 |
| તુલસીક્યારાના દીવા (પુરસ્કૃત) | મનસુખ સલ્લા | 130 |
| ત્રણ વિરલ ઇસાઈ નારીઓ | યશવંત મહેતા, ગાર્ગી વૈદ્ય | 35 |
| હિન્દ સ્વરાજના શિલ્પી મહાત્મા ગાંધી | પ્રવીણ ક. લહેરી | 200 |
| મેનેજમેન્ટના મસીહા : મહાત્મા ગાંધી | ઉષા અરુણ ચતુર્વેદી | 125 |
| ભારતરત્ન સચીન તેંડુલકર | જગદીશ શાહ | 300 |
| ભારતરત્ન અટલ બિહારી વાજપેયી | કિશોર મકવાણા | 325 |
| રાષ્ટ્રગુરુ સમર્થ રામદાસ | સ્મિતા ભાગવત | 130 |
| સમાજના શ્રેષ્ઠીઓ (પુરસ્કૃત) | દોલત ભટ્ટ | 180 |
| સ્વામી ચિન્મયાનંદ | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 200 |
| સ્વામી વિવેકાનંદ | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 250 |
| નગરશેઠ શાંતિદાસ ઝવેરી | માલતી શાહ | 250 |
| વો જબ યાદ આયે | ડંકેશ ઓઝા | 140 |
| હઝરત મોહમ્મદ પયંગબર | નાનાભાઈ ભટ્ટ | 50 |
| જ્ઞાનવિજ્ઞાનના મહાન પાશ્ચાત્ય ચિંતકો | ભરત દવે | 400 |
| કોઈ ઝબકે, કોઈ ઝબકાવે | ધીરેન્દ્ર મહેતા | 120 |
| જીવનસફરનાં સંભારણા | રસિક મહેતા (પારેખ) | 170 |
| સ્ત્રીઓ મારી આસપાસ જીવનના વિવિધ પડાવે | બકુલા ઘાસવાલા | 180 |
| શ્રી અરવિંદ અને માતાજી | કિરીટ જોશી | 150 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

વિચાર મંથન

# આપણે ખરાબ છીએ, સિસ્ટમ નથી



ડૉ. યાસીન દલાલ

૧૯૫૦માં પ્રજાસત્તાક બનેલ ભારતીય લોકશાહી ટૂંક સમયમાં પોતાના અસ્તિત્વનાં ૭૦ વર્ષ પૂરા કરશે, પણ ૭૦ વર્ષ સુધી પહોંચતા પહોંચતા એ હાંફવા માંડી છે, એને શ્વાસ ચડવા લાગ્યો છે. ૭૦ નહીં, પણ જાણે ૭૦૦ વર્ષની ઉંમર થઈ ગઈ હોય એ રીતે થાકી ગઈ છે. લગભગ મૃતઃપ્રાય થવા માંડી છે અને એના જૈફ શરીરમાં પ્રાણ સિંચીને એને ફરી ચેતનવંતી બનાવવા માટે ચારેબાજુથી સૂચનો, સલાહો અને માર્ગદર્શનનો ધોધ વછુટ્યો છે. બધા જ પોતપોતાના આગવા વિચારો રજૂ કરી રહ્યા છે. એક કહે છે કે, પ્રમુખ પદ્ધતિ લાવો. બીજો કહે છે, ફ્રાંસમાં છે તેવી ચૂંટણી પદ્ધતિ અપનાવો. તો ત્રીજો કહે છે કે વડા પ્રધાનની ચૂંટણી સીધી લોકસભાએ કરવી જોઈએ. ચોથો કહે છે, બ્રિટીશ પ્રકારની સંસદીય લોકશાહી ભારતમાં નિષ્ફળ ગઈ છે, માટે હવે 'સિસ્ટમ' બદલવાની જરૂર છે. આપણી પ્રજાએ તો લોકશાહીને પુખ્ત રીતે પચાવી છે, પણ આ તો 'સિસ્ટમ'ની નિષ્ફળતા છે વગેરે વગેરે.

૧૯૫૦માં આપણે લોકશાહી પ્રજાસત્તાક બન્યા અને સ્વતંત્ર બંધારણ અપનાવ્યું. **એ બંધારણમાં ૬૪ વર્ષમાં ૯૪ સુધારા થઈ ચૂક્યા છે.** સરેરાશ દર વર્ષે બે સુધારા આપણે બંધારણમાં કરીને લોકશાહી ઈતિહાસમાં એક વિક્રમ સ્થાપ્યો છે. વાતવાતમાં બંધારણ સુધારી નાખવાનો આપણો ઉત્સાહ પણ અદમ્ય છે. **અમેરિકી બંધારણ ૨૦૦ વર્ષ જૂનું છે અને એમાં માત્ર ચાર કે પાંચ સુધારા થયા છે.** બંધારણો સુધારતા રહેવાથી લોકશાહી મજબૂત થતી હોય તો આપણે વિશ્વના સૌથી મજબૂત લોકશાહી દેશ તરીકે સ્થાપિત થઈ ચૂક્યા હોત. **લોકશાહી બંધારણના થોથામાં નહીં, પણ લોકોની જીવનશૈલીમાંથી ઊભરતી હોય છે.** આપણે લોકશાહીને અનુરૂપ જીવનશૈલી ઉપસાવવામાં નિષ્ફળ ગયા છીએ એ હકીકત છે. **બ્રિટનમાં બંધારણ નથી, માટે બંધારણમાં સુધારા નથી અને બંધારણને લગતા વિવાદો નથી.** આપણે લોકશાહીનો ઝભ્ભો પહેરી લીધો છે, પણ એ ઝભ્ભો આપણા માપ મુજબનો નથી. એની સિલાઈમાં ક્યાંક ખામી છે અથવા આપણા શરીરમાં ક્યાંક ગરબડ છે.

આપણી સંઘીય લોકશાહીમાં એકબાજુ ઉત્તરમાં કાશ્મીર છે અને બીજી બાજુ દક્ષિણમાં તામિલનાડુ છે. તામિલનાડુમાં એક સાધારણ કહી શકાય, એવી ફિલ્મ અભિનેત્રી ખુરશી પર બેસી ગઈ હતી અને ફિલ્મોમાં કોઈ દેવીની આરતી એના ભક્તો ઉતારી રહ્યા હોય એમ પોતાની આરતી ઉતારાવી રહી હતી. આ અભિનેત્રીએ મદ્રાસના રસ્તા પર પોતાના મોટા કટઆઉટ મૂકાવ્યા હતા, લોકો એની મૂર્તિ ઘરમાં રાખે અને એની પૂજા કરે, પોતાના અનુયાયીઓ પગમાં આળોટે, આવા બધા ખેલ તમાશામાં રસ વધુ હતો અને શાસન કે વહીવટમાં ઓછો હતો. જયલલિતાને મળવું હોય તો તમારે પહેલાં શશીકલા નામની એક 'ચમચી'ની આરતી ઉતારવી પડે. જયલલિતા એમ.જી. રામચંદ્રન નામના અભિનેતાની રખાત હતા? હશે, એનાથી શું? તામિલનાડુની જનતાએ એમને એમ.જી.આર.નાં વારસદાર તરીકે સ્વીકારી લીધા હતા. જયલલિતાના અવસાન પછી એમની ગાદી શશીકલાને મળી પણ એ દરમિયાન જ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપીને એમને જેલ ભેગા કરી દીધા. હવે શશીકલાબહેન જેલમાં બેઠા બેઠા રીમોટ કંટ્રોલથી વહીવટ કરે છે. ગાદીના સાચા અધિકારી પનીર સેલમને એમણે કાઢી મૂક્યા છે.

બિહારમાં દરરોજ ડઝનબંધ અપહરણો થાય છે અને ડઝનબંધ લોકોની સામૂહિક હત્યાઓ થઈ જાય છે. બિહારની ચૂંટણી પાંચસોવાર મોકૂફ રાખવી પડે છે અને પાંચસો મતદાન મથકોમાં ફરીથી ચૂંટણીઓ કરાવવી પડે છે. ચૂંટણી પછી મતગણતરી પંદર-વીસ દિવસ સુધી ચાલ્યા કરે છે! દરરોજ પાંચ-દસ બેઠકોના પરિણામો હપ્તે હપ્તે જાહેર થતાં રહે છે.

મહારાષ્ટ્રમાં ભાજપ શિવસેનાની યુતિ સત્તામાં આવી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદે ફડનવીસ નામના ધારાસભ્ય બિરાજે છે. શિવસેના કહે છે કે ગમે ત્યારે અમે સરકારને ટેકો પાછો ખેંચી લેશું. આ કઈ જાતની લોકશાહી છે? બ્રિટીશ, ફ્રેંચ, અમેરિકન? કે પછી નવા પ્રકારની લોકશાહી, મેઈડ ઈન ઇન્ડિયા? દરરોજ મહારાષ્ટ્રના અખબારોમાં મુખ્યમંત્રી કરતાં વધુ ભાષણો શિવસેનાના છપાય છે. દરરોજ

એ કોઈ ધાર્મિક વડાની અદાથી ફતવાઓ બહાર પાડે છે અને એ માનવાનો ઈન્કાર કરે એટલે ધમકીઓ આપવા માંડે છે! કયા બંધારણની જોગવાઈ હેઠળ આ નાટક ચાલે છે?

લોકો હવે રજવાડાંને યાદ કરે છે અને અંગ્રેજોને યાદ કરે છે. કેમ ન કરે? રાજવીઓનાં સાલિયાણા બંધ થયાં ત્યારે એની કુલ રકમ ૩ કરોડ હતી. આજે એટલી રકમનો ભ્રષ્ટાચાર પ્રધાનો અને મુખ્યપ્રધાનો દર મહિને કરે છે! રાજાઓ શરમાઈ જાય એવો વૈભવ આ નવા રાજાઓ ભોગવે છે. સત્તા જતી રહે પણ સરકારી મકાન ખાલી કરતા નથી અને ઉપરથી બેફામ ભ્રષ્ટાચાર કરે છે! એમના લાભ માટે બધા કાયદા રાતોરાત સુધારી શકાય છે. બધા નિયમોનું ઉલ્લંઘન કરી શકાય છે. પણ, ખૈરનાર જેવો પ્રામાણિક અધિકારી બરતરફ થાય છે! અબજો રૂપિયાના કૌભાંડો કરનારા ચમન કરે છે અને ખૈરનાર ભૂખે મરે છે. લોકો શા માટે રજવાડાં અને અંગ્રેજોના શાસનને સારા ન કહે? અંગ્રેજ વાઈસરોય પણ પોતાના માટે અલગ વિમાનો અને હેલિકોપ્ટરની ફોજ રાખતા નહોતા અને એમની સલામતી પાછળ પણ આટલો જંગી ખર્ચ થતો નહોતો.

વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં ગઈકાલ સુધી રાજકારણમાં ચમચાગીરીની હરીફાઈમાં પડેલા લોકો નિવૃત્ત થઈને એકાએક મોટા દેશપ્રેમી અને દેશહિતચિંતક બની જાય છે અને સરકારને તથા પ્રજાને સલાહો આપવા માંડે છે. 'ઇંદિરાજી કહે તો ઝાડુ મારવા તૈયાર છું' કહેનાર જ્ઞાની ઝૈલસિંઘ નિવૃત્તિ પછી આત્મકથા લખવા માંડ્યા અને પોતાના જ્ઞાનનો લાભ દેશને આપવા માંડ્યા. અને મોરારજીની સરકારે રાજીનામું આપ્યું ત્યારે બંધારણ અને કુદરતી ન્યાયના બધા સિદ્ધાંતોનો ભંગ કરીને ચરણસિંઘને વડાપ્રધાનપદે બેસાડી દેનાર સંજીવ રેડ્ડી સાહેબ હવે આંધ્રમાં પોતાના વતનમાં બેઠાં બેઠાં દેશવાસીઓને સલાહ ઉપર સલાહ ફટકારી રહ્યા હતાઃ રાજ્યપાલોની સત્તામાં સુધારો કરવો જોઈએ, કેન્દ્ર અને રાજ્યોના સંબંધોની પુનઃવિચારણા કરવી જોઈએ વગેરે.. અને સત્તા પર હતા ત્યારે કંઈ જ નહીં ઉકાળનાર અને ઇંદિરા તથા રાજીવના કહ્યાગરા એવા વેંકટનારાયણ સાહેબ હવે કહે છે કે વડાપ્રધાનની ચૂંટણી લોકસભામાં થવી જોઈએ. આવી સૂફિયાણી સલાહ પોતે સત્તા પર હતા ત્યારે કેમ નહીં આપી? સત્તા પરથી ઉતરી ગયા પછી વેંકટરામનને હવે આપણી શાસન પદ્ધતિમાં એકાએક ગંભીર ખામીઓ જણાવા માંડી છે! હજી ગઈકાલે એ રાષ્ટ્રપતિપદે હતા અને નિવૃત્ત થયા ત્યારે આપણી લોકશાહીને ઉત્તમ વ્યવસ્થા તરીકે બિરદાવી હતી! એમનું એ પ્રવચન ટેલીવિઝન પર દર્શાવાયું હતું અને ત્યારનો એમનો આશાવાદ અદ્ભુત હતો. એમને આપણી લોકશાહીમાં કોઈ ખામી જણાઈ ન હતી. એમણે આપણા સંસદસભ્યોને ઉત્તમ સાંસદો તરીકે બિરદાવ્યા હતા! સંસદમાં થયેલી બધી ધાંધલ, ધમાલો, ગાળાગાળી, ઘોંઘાટ, વારંવારના વૉકઆઉટ – એ બધું જ ભૂલી ગયા હતા. આપણી લોકશાહીને અને બંધારણની ભાવનાને કમજોર બનાવવામાં ઝૈલસિંઘ, સંજીવ રેડ્ડી અને વેંકટનારાયણનો ફાળો કેટલો? આરોપીઓ પોતે હવે કાયદો બદલવાની વાત કરે ત્યારે હાસ્યાસ્પદ લાગે છે.


'સિસ્ટમ' ખરાબ નથી, પણ સિસ્ટમનો અમલ કરનારા આપણે સૌ ખોટા છીએ. આપણે આપણા સ્વાર્થ માટે સિસ્ટમ અને બંધારણનો કચરો કરી નાખ્યો છે. **કોઈ શાસનપ્રથા પોતે સારી કે ખરાબ નથી હોતી, પણ એનો અમલ કરનાર માણસ સારો કે ખરાબ હોય છે.** સ્વર્ગમાંથી કોઈ ઉત્તમમાં ઉત્તમ 'સિસ્ટમ' લાવશું તો, એ પણ આપણે ત્યાં નિષ્ફળ જ જશે. કેમકે, આપણા દુષ્ટ રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ અને કહેવાતા સમાજસેવકોએ 'સિસ્ટમ'ને શોષણ અને અંગત લાભનું હથિયાર બનાવી દીધું છે.

હમણાં ઉત્તર પ્રદેશમાં ચૂંટણીઓ થઈ. વડાપ્રધાન શ્રી મોદીએ લોકસભાની ચૂંટણીઓ વખતે વિકાસનું સૂત્ર આપ્યું હતું. આ વખતે ચૂંટણી જીતવા માટે ફરીથી એકવાર કોમવાદનો આશરો લીધો. કબ્રસ્તાન અને સ્મશાનની સમસ્યાઓ ઉખેળી અને ઇદ અને દિવાળીની રજાઓનો મુદ્દો પણ ઉખેડ્યો. હવે એમણે જીત મેળવી છે અને યોગી આદિત્યનાથ જેવા અતિ વિવાદી નેતાને મુખ્યપ્રધાન પદે બેસાડી દીધા છે. ભૂતકાળમાં એમણે જે વિધાનો કર્યા હતા, એ અતિ વિવાદી અને ચર્ચાસ્પદ હતા. દા.ત. 'એ લોકો આપણા એકને મારે તો આપણે એના સો માણસોને મારી નાંખશું.' આવા વિવાદી નેતાની વરણી વડે ભાજપે ફરી સાબિત કર્યું છે કે એ સાંપ્રદાયિક પક્ષ છે. આમાં "સૌનો સાથ અને સૌનો વિકાસ" જેવું સૂત્ર ક્યાંથી સાર્થક થાય? ઉપરથી મણિપુર અને ગોવામાં ભાજપ કરતા કોંગ્રેસની બેઠકો વધુ હતી પણ ભાજપે પક્ષપલટા કરાવીને સત્તા આંચકી લીધી. એણે સમજવું જોઈએ કે ભાજપે યુ.પી. જીત્યું તો કોંગ્રેસે પણ પંજાબમાં બે તૃતીયાંશ બહુમતી મેળવી

*(અનુ. : જુઓ પાના નં.-૨૧ ઉપર)*

સ્વાસ્થ્ય

# ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૧)


ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

- **સંયુક્ત કુટુંબ અથવા વિભક્ત કુટુંબની બાળક પર અસર :**

વીસમી સદીમાં સંયુક્ત કુટુંબમાં બધા સાથે રહેતા હતા. બાળકોના ઉછેરની જવાબદારી દાદા-દાદી / નાના-નાની પર હતી. યુવાન માતાને રસોડાની જવાબદારી તથા યુવાન પિતાને કામ પર જવાની જવાબદારી હતી. સરેરાશ પાંચ ભાઈ-બહેનો હતા. બાળ ઉછેર માટે દાદા-દાદી / નાના-નાની પાસે જોઈએ એટલો સમય હતો, ધીરજ હતી. બાળકોની કાલીઘેલી વાતો શાંતિથી સાંભળતા હતા (ગુણવત્તાભર્યો સમય - Quality Time). બાળકો પ્રત્યેની અપેક્ષાઓ નહિંવત હતી. પાંચ બાળકો બે રમકડાં વડે શાંતિથી વારાફરતી રમતા હતા. બાળકોને શીખવાડવામાં આવતું હતું કે આપણે સૌની સાથે વહેંચીને રમવાનું છે (Sharing). રમવાનું મહત્ત્વ છે, નહીં કે હાર કે જીતનું.

આજે એકવીસમી સદીમાં મોટાભાગે ખાસ કરીને શહેરોમાં વિભક્ત કુટુંબ અસ્તિત્વમાં આવ્યા છે. આ વિભક્ત કુટુંબમાં એક જ બાળક હોય છે. જવલ્લે જ બે બાળકો કુટુંબમાં હોય છે. "દાદા-દાદી / નાના-નાની હવે જૂનવાણી વિચારના થઈ ગયા છે." એમના પર બાળ ઉછેરની જવાબદારી સોંપાતી નથી. યુવાન માતા-પિતા પાસે બાળક માટે સમય નથી, ધીરજ નથી. બાળકોને શાંતિથી સાંભળવાનો તથા સમજવાનો સમય નથી. (ગુણવત્તાભર્યા સમયનો અભાવ - Lack of quality time). ભૌતિક સાધનો તથા સગવડો છે પણ એકબીજા માટે ગુણવત્તાભર્યો સમય નથી. બાળક પાસે દસથી વધારે રમકડાં છે પરંતુ બીજા બાળક જોડે સાથે મળીને રમવાની ભાવના નથી. "આ મારું છે, હું કોઈને રમવા માટે નહીં આપું." બીજા બાળક જોડે વહેંચવાની વૃત્તિ નથી (No sharing). બાંધછોડ કરવાની વૃત્તિ બાળપણથી જ નથી.

- **રહેણાંક અને બાળ ઉછેર :**

સાતથી આઠ દાયકા પહેલા મોટાભાગના કુટુંબો ચાલીમાં રહેતા હતા અથવા મકાનમાં રહેતા હતા કે જ્યાં ૩૦થી ૪૦ રૂમ્સ હતી. આ ચાલી કે મકાનોમાં ૩૦થી ૪૦ કુટુંબો રહેતા હતા તથા દરેક કુટુંબમાં સરેરાશ ૪થી ૫ બાળકો હતા. આથી દરેક ઉંમરના બાળકોને પોતાની સરખી ઉંમરના મિત્રો એ જ મકાન કે ચાલીમાં મળી રહેતા હતા. સાથે રહેવાનું, સાથે સ્કૂલે જવાનું, સાથે ભણવાનું તથા સાથે રમવાનું. કોઈપણ જાતનાં પ્રયત્નો વગર આ બાળઉછેર માટે હકારાત્મક વાતાવરણ મળતું હતું. આથી બાળકના વ્યક્તિત્વનું ઘડતર મા-બાપના પ્રયત્નો વગર થઈ જતું હતું. અન્ય બાળકો જોડે હરતા ફરતા (સામાજિકરણ, પરસ્પરના સંબંધો જાળવવાનું, બાંધછોડ કરવાનું) વ્યક્તિત્વનો વિકાસ થતો હતો.

૨૧મી સદીમાં તાજેતરમાં રહેણાંકના ફેરફારો થવાથી ધરમૂળથી જ બદલાવ આવ્યો છે, જે નીચેના ઉદાહરણથી સમજાશે.

તાજેતરમાં અમે ગણપતિ મહોત્સવ દરમિયાન અમારા મિત્રને ત્યાં ગણપતિ દર્શન માટે ગયા હતા. બાળ ઉછેરની ચર્ચા નીકળી. મિત્રે જણાવ્યું કે અમારું મકાન ૭ માળનું છે. દરેક માળ પર એક જ કુટુંબ રહે છે. આખા મકાનમાં બે જ બાળકો છે. એક પાંચ વર્ષનું તથા બીજું અગિયાર વર્ષનું. પાંચ વર્ષનું બાળક એની મમ્મી પર આધાર રાખે છે. એના મિત્રો પાસે જવું પણ હોય તો મમ્મી પાસે સમય હોય, મમ્મી ફ્રી હોય તો જ જઈ શકે. આ બાળકના વ્યક્તિત્વના ઘડતર (સામાજિકરણ, પરસ્પરના સંબંધો જાળવવાનું, બાંધછોડ કરવાનું વગેરે) કેવી રીતે થાય?

- **૨૧મી સદીમાં માતા-પિતા બનવું :**

ભારતીય સંસ્કૃતિ તથા સમાજમાં દીકરો તથા દીકરીની ઉંમર થતા લગ્ન થઈ જાય છે (દીકરો તથા દીકરી લગ્ન તથા અન્ય જવાબદારીઓ લેવા લાયક ન હોવા છતાં પણ). લગ્ન બાદ નવા પતિ-પત્નીને બાળક જલ્દીથી આવે એવી સૌ કુટુંબીજનોની અપેક્ષા હોય છે. બે-એક વર્ષના લગ્ન જીવનમાં જો બાળક ન થાય તો સૌ કુટુંબીજનોને ચિંતા થાય છે કે કેમ બાળક નથી થયું? બાળક ન આવવું એ કુટુંબીજનો માટે ચર્ચાનો વિષય બની જાય છે. કુટુંબીજનો એ યુગલને વણમાગી સલાહો આપે છે.

*શું આપણે તથા કુટુંબીજનોએ કોઈ દિવસ વિચાર કર્યો છે કે પતિ-પત્નીમાં માનસિક રીતે માતા-પિતા બનવાના ગુણો છે? શું એ પતિ-પત્ની આવનાર બાળકનો યોગ્ય ઉછેર - શારીરિક તથા માનસિક – કરી શકશે?*

સંયુક્ત કુટુંબમાં પતિ-પત્ની માતા-પિતા બને ત્યારે માતા-પિતાની જવાબદારી વહેંચાઈ જતી હતી. સંયુક્ત કુટુંબના અન્ય વડીલો (દાદા-દાદી, કાકા-કાકી, ફોઈ, માસી વગેરે) જવાબદારી રાજીખુશીથી સ્વીકારી લેતા હતા.

આજના વિભક્ત કુટુંબમાં બાળ ઉછેરની બધી જ જવાબદારી યુવાન માતા-પિતા પર જ આવી જાય છે. ઘણી વખત માતા પણ વ્યવસાય કે નોકરી કરતી હોય છે ત્યારે બાળ ઉછેરની જવાબદારી ખૂબ જ વધી જાય છે. માતા-પિતા બંને કામ કરતા હોય, દિવસ દરમિયાન ઘરની બહાર હોય ત્યારે ઘણી વખત બાળકને પારણા ઘરમાં મૂકવું પડતું હોય છે. પિતા કામ માટે બહારગામ રહેતા હોય અથવા વારંવાર બહારગામ જવું પડતું હોય ત્યારે બાળ ઉછેર માટે માતાની જવાબદારી ખૂબ જ વધી જાય છે. આ હકીકત તથા પરિસ્થિતિનો સામનો કરવા માટે શું એ માતા-પિતા સક્ષમ છે?

- **૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર :**

ત્રણ દાયકા પહેલાં માનસિક બાળ ઉછેર શબ્દ કે લેખમાં મથાળું આવે તો સમાજના મોટાભાગના લોકોને નવાઈ લાગતી હતી કે આ શું છે? છેલ્લા બે દાયકામાં માનસિક બાળ ઉછેરના વિષયને સમાજમાં પ્રાધાન્ય આપવામાં આવે છે. નિષ્ણાતો આ વિષય પર લેખ લખે છે તથા પ્રવચનો આપે છે. ડૉ. દિપ્તી શાહે ઘણી જગ્યાએ સ્લાઈડ્સ દ્વારા આ વિષયની ચર્ચા કરી છે.

અત્યાર સુધી શારીરિક બાળ ઉછેરને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. યોગ્ય પૌષ્ટિક આહાર, વિવિધ સમયે રોગ પ્રતિકારક રસી (immunisation), યોગ્ય શાળામાં શિક્ષણ વગેરે બાબતોમાં ચર્ચા થતી હતી. ભૌતિક સગવડો પર વધારે ધ્યાન આપવામાં આવતું હતું. ભૌતિક સગવડો વધારે મળશે તો બાળકનો યોગ્ય વિકાસ થશે એમ ધારવામાં તથા સમજવામાં આવતું હતું. વ્યક્તિત્વના ઘડતર, વિકાસ (Personality Development) તથા પરિપક્વતા (Maturity) પર નહિંવત ધ્યાન અપાતું હતું. પરંતુ હવે માનસિક ઉછેર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. યુવાન માતા-પિતાને વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસનું મહત્ત્વ આગળની જિંદગીમાં કેટલું છે એનું મહત્ત્વ સમજાયું છે.

- **માનસિક બાળ ઉછેર :**

માનસિક બાળ ઉછેરમાં બે પરિબળો મુખ્ય ભાગ ભજવે છે : (૧) શારીરિક પરિબળ (Biological), (૨) માતા-પિતાનું વલણ.

શારીરિક પરિબળ : બાળકની શારીરિક ક્ષમતા જીન - આનુવાંશિકતા દ્વારા નક્કી થાય છે. સાથે બાળપણમાં શારીરિક ઉછેર ખાસ કરીને યોગ્ય પૌષ્ટીક આહાર મગજની વૃધ્ધિ માટે અત્યંત આવશ્યક છે. બાળપણમાં મગજની બીમારીઓ (મેનેન્જાઈટીસ, એન્કેફેલાઈટીસ વગેરે) તથા અન્ય શારીરિક બીમારીઓ ખાસ કરીને થાઈરોઈડ હોર્મોનની ખામીને વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસમાં અવરોધક બને છે.

- **માતા-પિતાનું વલણ તથા માવજત :**

બધી રીતે સરખા હોય એવા બે રોપવા લઈ આવીએ. (૧) એક રોપાને યોગ્ય ખાતર આપી, હવા તથા સૂર્ય પ્રકાશમાં રાખીએ. નિયમિત પાણી પણ આપીએ. (૨) બીજા રોપાને અંધારિયા ઓરડામાં મૂકીએ. સૂર્યપ્રકાશ, ખાતર, હવા ન મળે.

થોડા સમય પછી પરિણામ એકદમ અલગ જોવા મળશે. પ્રથમ રોપવામાંથી સુંદર ઝાડ બનશે જ્યારે બીજો રોપવો કરમાઈ જશે, મુરઝાઈ જશે. જો કે સુંદર ઝાડ બનવાની એનામાં પૂરેપૂરી યોગ્યતા છે. યોગ્ય માવજત તથા યોગ્ય વાતાવરણ, રોપવા માટે અલગ પરિણામ લાવે છે એમ બાળકોની યોગ્ય માવજત, યોગ્ય વલણ તથા યોગ્ય વાતાવરણમાં ઉછેરવામાં આવે તો અપેક્ષિત પરિણામ મળે છે.

માતા-પિતા તથા વડીલો બાળકના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસ માટે યોગ્ય વલણ અને વાતાવરણ ઊભું કરે. જેથી બાળક પુખ્ત વયનો થાય ત્યારે સ્પર્ધાત્મક જગતનો વ્યવસ્થિત રીતે સામનો કરી શકે તથા પોતાના પગ પર રહી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે.

આવનારા લેખોમાં માતા-પિતાના વલણ અને વર્તણૂંકના મુદ્દાઓ વિશે ઉંડાણમાં છણાવટ કરીશું. જેથી બાળક એક પરિપક્વ વ્યક્તિ (matured personality) તરીકે ઉભરી આવે તથા માતા-પિતા સાચા અર્થમાં માતા-પિતા બને.

*(ક્રમશઃ)*

*મનોસ્મૃતિ પોલી ક્લિનિક,*
*'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલ અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*ગ્રુમિંગ માઇન્ડ્સ, ૯૦૯ જી સ્ક્વેર,*
*કલ્યાણ જ્વેલર્સની ઉપર, રેલવે સ્ટેશન તથા ઘાટકોપર મેટ્રો*
*સ્ટેશનની પાસે, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.*
*ફોન : (૦૨૨) ૨૫૦૧૦૦૦૯*

સ્વાસ્થ્ય

# આર્થરાઇટિસ - સાંધાનો દુઃખાવો



ડૉ. વિવેક ઠક્કર, M.S. (Ortho)

"ઘૂંટણનો ઘસારો...!!!" સામાન્ય રીતે આ શબ્દો વાંચીએ ત્યારે આપણી સમક્ષ એક ઉંમરલાયક વડીલની તસવીર આંખો સમક્ષ આવે કે જે દર્દ સામે ઝઝુમે, રોજિંદા કાર્ય કરવામાં મુશ્કેલીનો સામનો કરે અને / અથવા ત્રાંસા થઈ ગયેલા પગે લાકડીના સહારે ચાલતા હોય. એનો અર્થ એ છે કે આપણે સહુ જાણીએ છીએ કે આ તકલીફ એ કોઈ રોગ નથી, પરંતુ ઉંમર સાથે થતો ઘસારો છે! જ્યારે આ ઘસારાના દર્દીઓ મુખ્યત્વે મોટી ઉંમરના વ્યક્તિઓ હોય છે, તો શા માટે પહેલેથી જ એવા પ્રયત્નો ના કરવામાં આવે કે જેથી તેને થતો અટકાવી શકાય!

- **આર્થરાઈટિસ શું છે?**

જ્યારે શરીરના બે હાડકા વચ્ચેના સાંધામાં આવેલી ગાદી (cartilage) કે જે મુખ્યત્વે શોક એબ્સોર્પ્શન (Shock absorption) અને લુબ્રિકેશન (lubrication)નું કામ કરે છે, તે કોઈ કારણોસર (જેમ કે વધતી જતી ઉંમર, મેદસ્વિતા, જૂની ઈજા, જીવનશૈલી, વ્યવસાય શૈલી, અયોગ્ય આહાર, સ્ત્રી જાત (post menopausal females), આનુવંશિકતા (heredity), અન્ય બીમારીઓ જેવી કે સંધિવા (rheumatoid arthritis gout વગેરે) ઘસાઈ જાય છે ત્યારે બે હાડકાની સપાટીઓ એકબીજા સાથે ઘર્ષણનો સામનો કરે છે અને પરિણામે ઉદ્ભવતા દર્દ, સોજો, લાલાશ, જકડન (સાંધાનું જકડાઈ જવું) જેવી જટીલ પરિસ્થિતિને આર્થરાઈટિસ કહેવામાં આવે છે.

આર્થરાઈટિસ એ એક તબક્કાવાર થતી બીમારી છે. એક્સ-રે ઉપર જોવા મળતા ફેરફારો અનુસાર આ તબક્કાઓ (Stages)નું વર્ગીકરણ સ્ટેજ-૦ થી સ્ટેજ-૪ સુધીમાં કરવામાં આવે છે. જેમ જેમ સ્ટેજ વધતું જાય તેમ તેમ તકલીફોની તીવ્રતા અને પરિસ્થિતિની ગંભીરતા વધતી જાય છે. માટે જ શરૂઆતના તબક્કામાં આ બીમારીને પકડી પાડવી અને તેને વધતી અટકાવવી એ જ આપણો મુખ્ય લક્ષ્ય હોવો જોઈએ. યાદ રાખો : વધતી જતી ઉંમરને અટકાવવી અશક્ય છે પરંતુ વધતા જતા આર્થરાઈટિસ (ઘસારા)ને જરૂર અટકાવી શકાય છે. તેની ગતિ ધીમી કરી શકાય છે!

એક ખૂબ જ મહત્ત્વની વાત, જે સૌએ સમજવાની છે, તે એ છે કે માત્ર સાંધો કે સાંધો બનાવતા હાડકા જ ઘસારામાં ભાગ ભજવે છે એવું નથી. સાંધો અને હાડકાને ગતિ અને હલનચલન પ્રદાન કરનાર માંસપેશી અને સ્નાયુઓ પણ અત્યંત મહત્ત્વના છે. માંસપેશીઓ સાંધાને સબળ (powerful), સ્થાયી (Stable) અને ગતિશીલ (moving) રાખવાનું કામ કરે છે. આથી જ માંસપેશીઓની નબળાઈ એ પણ ઘસારાનું મોટું કારણ બની શકે છે.

આજની ભાગદોડ તથા તણાવ (Stress)થી ભરેલી જિંદગી પોષણક્ષમ આહાર ક્યાંક ભૂલાતો જતો હોય તેમ લાગે છે. હાડકાના ઘસારા સંદર્ભે જણાવવાનું કે પ્રોટીનસભર ખોરાક હાડકાના મજબૂત બંધારણ માટે ખૂબ જ જરૂરી છે. કેલ્શિયમ સભર આહાર જેમકે મેથી, સરગવો, બદામ, દૂધ અને દૂધની બનાવટો, લીલા શાકબાજી (કોબીજ, બ્રોકોલી), અંજીર, તલ, નારંગી, સોયાબીનનું નિયમિત સેવન મોટી ઉંમરે થતી હાડકાની બીમારીઓથી બચાવી શકે છે.

પૂર પહેલા પાળ બાંધવી હિતાવહ છે. પાળ બાંધવા છતાં પૂર આવી જાય તો શું? આપ કોઈ કારણોસર પાળ ના બાંધી શક્યા તો શું? ઘણા દર્દીઓ માથે રહેલી જવાબદારીઓ, પોતાની ફરજો, વ્યવસાયીક વ્યસ્તતા, અપૂરતી કાળજી, વણ નોતરેલી બીમારીઓ અને અન્ય ઘણા કારણોસર આર્થરાઈટિસનો ભોગ બને છે. ૨૧મી સદીમાં જ્યારે મેડિકલ ક્ષેત્રે અદ્ભુત પ્રગતિ થઈ છે ત્યારે આવા દર્દીઓએ પણ ગભરાવાની જરૂર નથી. પણ હા, સાચો અને વૈજ્ઞાનિક અભિગમ ખૂબ જ જરૂરી છે.

આર્થરાઈટિસના ઈલાજને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય :

(૧) દર્દ (Pain) અને અસમર્થતા (disability) નિવારક ઈલાજ.

(૨) નિર્ણાયક (definitive) ઈલાજ.

જ્યારે આર્થરાઈટિસ શરૂઆતના તબક્કામાં (Stage 0, 1, 2) હોય ત્યારથી જ સાંધાની આસપાસના સ્નાયુઓને સશક્ત કરે તેવી ખાસ કસરતો, નિયમિત શારીરિક વ્યાયામ, મેદસ્વિતા ઘટાડવાના પ્રયાસો (Self and weight management programs), જીવનશૈલીમાં પરિવર્તન (જેમ કે પલાંઠી વાળીને નીચે ના બેસવું, ઊભું (Western) ટોઈલેટ વાપરવું, શક્ય એટલું ઓછું સીડી ચડ-ઉતર કરવી, દિનચર્યામાં જોગિંગને બદલે સ્વિમિંગ અથવા સાઈકલિંગ કરવું, આંતરે આંતરે કસરત વચ્ચે પૂરતો આરામ કરવો વગેરે જેવી તકેદારીઓ રાખવી જોઈએ. યાદ

રાખો, દર્દને કારણે કસરત અથવા પ્રવૃત્તિ ના કરવી એ સલાહભર્યું નથી. તેમ કરવાથી દર્દ જે તે સમય પૂરતો કદાચ ઘટશે પણ આગળ જતા પરિસ્થિતિ બેઠાડું જીવનને લીધે એકંદરે વધશે. માટે જ, યોગ્ય મેડિકલ માર્ગદર્શન તરત જ લેવું જોઈએ.

દર્દ ઓછું કરે તેવી દવાઓ (NSAIDS), હાડકા તથા હાડકા બનાવતી પ્રક્રિયાને વધુ સુદ્રઢ કરે તેવી વિશેષ દવાઓ (Calcium, Vitamin D, bisphosphonates and others), બાહ્ય ટેકો આપે તેવા ઉપકરણો (braces / splints / devices / knee cap etc.), ખાસ પ્રકારની ફિઝિકલ થેરાપી (Ultrasonic, TENS etc.), સાંધામાં મૂકવામાં આવતા ઈન્જેક્શન્સ કે જેમાં સ્ટીરોઈડ (steroid), લુબ્રિકેન્ટ્સ (Viscosupplements-hyaluronic acid) અને ગ્રોથ ફેક્ટર્સ (stem cells, platelet rich plasma), દૂરબીનથી સાંધાની સફાઈ (arthroscopic joint lavage / meniscectomy), જૂતામાં મૂકવામાં આવતા સપોર્ટસ (lateral shoe raise), સાંધાની અંદરનું લુબ્રિકેશન વધારે તેવી દવાઓ (glucosamine, diaceric etc.) વગેરે જેવા ઘણા ઈલાજના વિકલ્પો આજે આપણી પાસે ઉપલબ્ધ છે. આ વિકલ્પો વત્તે ઓછે અંશે આપને જરૂર ફાયદો આપી શકે. American Academy of Orthopaedic Surgeons (AAOS) ના જણાવ્યા અનુસાર આ તમામ ઈલાજના વિકલ્પો ધાર્યા પ્રમાણેનું પરિણામ આપશે કે નહીં તે કહેવું આજે પણ મુશ્કેલ છે. વળી આમાંના મોટાભાગના વિકલ્પો એ દુઃખાવામાં દર્દીને રાહત મળે તે માટેના છે. એમાંનો કોઈ પણ વિકલ્પ બીમારીની પ્રક્રિયા (Disease process)ને બદલતો (Alter) કે સ્થાયી (Static) રાખતો નથી. મોટેભાગે આ રાહત એ કાયમી નથી હોતી. સંપૂર્ણપણે ઘસાઈ ગયેલી ગાદી (cartilage), ત્રાંસા થઈ ગયેલા પગ અને સંપૂર્ણ ઘસારો પામેલા હાડકા કોઈપણ પ્રકારની દવાઓ, ઈન્જેક્શન કે બાહ્ય ઉપકરણોથી સીધા કે પહેલા જેવા નોર્મલ થઈ શકતા નથી તે ખાસ યાદ રાખો. લાંબો સમય લેવામાં આવતી દર્દ નિવારક (Pain Killer) દવાઓ પણ શરીર ઉપર આડઅસર કરી શકે. આથી જ આ દવાઓનું સેવન ડૉક્ટરની દેખરેખમાં થાય એ વધુ લાભકારક છે. આવી પરિસ્થિતિમાં ઘણાં આગળના તબક્કામાં પહોંચી ગયેલ દર્દીઓએ આજના સમયમાં શું કરી શકાય એ એક ઝળહળતો પ્રશ્ન છે.

આર્થરાઈટિસ ખરેખર જીવનના દિવસોને કપરા બનાવે છે. એવી પરિસ્થિતિ કે જેમાં દર્દીનો આર્થરાઈટિસ ઘણા જ આગળના તબક્કામાં પહોંચી ગયો હોય, દર્દ નિવારક દવાઓ લાંબા સમયથી નિયમિત લેવી જ પડતી હોય, રોજિંદી દિનચર્યા કરવામાં તકલીફ પડતી હોય, રાત્રીની ઊંઘ હરામ થઈ ગઈ હોય, કળતરને લીધે આનંદ પ્રમોદથી આપ વંચિત રહેતા હોવ તેવા સંજોગોમાં માત્ર અને માત્ર નિર્ણાયક સારવાર (definitive treatment) જ આપને ઝડપી, ધાર્યા પ્રમાણેનું, લાંબો સમય જળવાઈ રહે તેવું સફળ પરિણામ આપી શકે. આ નિર્ણાયક સારવાર એટલે TOTAL KNEE REPLACEMENT (TKR) નું ઑપરેશન. આ ઑપરેશન દરમ્યાન દર્દીના સાંધાના ખરાબ થઈ ગયેલા ભાગને આધુનિક ટેકનિક અને ઉપકરણો દ્વારા કાઢી નાખવામાં આવે છે અને કૃત્રિમ સાંધો બેસાડવામાં આવે છે. આ ઑપરેશન માટે ઝીણવટભરી તપાસ કરી, દર્દીને એનાથી કેટલો ફાયદો થશે તે નક્કી કર્યા બાદ જ ઑપરેશન કરવામાં આવે છે. આજના સમયમાં માત્ર TOTAL KNEE REPLACEMENT (TKR) જ એકમાત્ર નિર્ણાયક વિકલ્પ નથી. મેડિકલ ક્ષેત્રે થયેલી પ્રગતિને લીધે Partial (અડધું) Knee Replacement (Unicondylar Knee Replacement) પણ એક અસરકારક ઑપરેશન પુરવાર થયેલ છે. જેમાં આખો સાંધો બદલવાને બદલે માત્ર ખરાબ થયેલો ભાગ જ બદલવામાં આવે છે. તદુપરાંત Proximal Fibular Osteotomy (PFO) અને High Tibial Osteotomy (HTO) જેવા પણ ખૂબ જ અસરકારક ઑપરેશનના વિકલ્પો ઉપલબ્ધ છે. આ બંને ઑપરેશન Favourable Load Distribution by realigning Axis ના સિદ્ધાંતો ઉપર કામ કરે છે. જેમાં સાંધાના ખરાબ થઈ ગયેલા ભાગ તરફથી સારા ભાગ તરફ વજન આવે તેવી રીતે હાડકામાં વાઢકાપ કરવામાં આવે છે, જે ઘણી સારી રીતે દર્દ નિવારી શકે છે તથા કેટલાક પસંદગીના દર્દીઓમાં TKR ના ઑપરેશનની સંભાવના નહિવત્ કરી શકે છે. આ ઑપરેશન કેટલાક ખાસ પ્રકારના દર્દીઓમાં ખૂબ જ સારું પરિણામ આપી શકે છે. વિવિધ પ્રકારના ઑપરેશન માટે દર્દીની પસંદગી એ એક ખૂબ જ ઊંડા અભ્યાસનો વિષય છે. ઑપરેશનની સફળતાનો આધાર તેની ઉપર રહેલો હોય છે.

કહેવાય છે, ચેતતો નર સદા સુખી! માટે જ આપ સૌ આ ઉંમર સાથે વધતી જતી તકલીફો વિશે સજાગ થશો અને સમયાંતરે જરૂરી પગલા અવશ્ય લેશો. દર્દીની આ બીમારી વિશેનો સંપૂર્ણ અને સાચો ચિતાર એક ઓર્થોપેડિક સર્જન જ દર્દીની ઝીણવટભરી તપાસ બાદ આપી શકે. ઘુંટણના ઘસારા અને ઑપરેશનને લઈને અનેક શંકા કુશંકાઓ ઘણીવાર પ્રવર્તે છે. જેનાથી આપે ગભરાવાની જરૂર નથી. તમારા પ્રશ્નોનું સચોટ નિરાકરણ લાવવા માટે આપના ડૉક્ટરને અવશ્ય મળો!

*ઓર્થોપેડિક કન્સલ્ટન્ટ એન્ડ*
*જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન*
*મો. ૯૮૦૫૧ ૪૪૫૫૭*
*E-mail : dr.vivekthakker@gmail.com*

જબાન

# શબ્દશોધ

## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૪)



તુલસી કંસારા

**Affluent =** એફ્લુઅન્ટ = આ શબ્દનો અર્થ થાય છે પુષ્કળ, વિપુલ, ધનાઢ્ય. એક નદીને મળતી બીજી નદી, માતબર, સાધનસંપન્ન, સમૃદ્ધ, છૂટથી વહેતું વગેરે. ધનાઢ્ય વર્ગ માટે એફ્લુઅન્ટ ક્લાસ શબ્દ વાપરવામાં આવે છે. પરંતુ આવા જ ઉચ્ચારથી બોલાતો બીજો શબ્દ છે 'Effluent.' જેના સ્પેલીંગમાં માત્ર પ્રથમ અક્ષરમાં જ ફેરફાર છે. "A"ની જગ્યાએ "E" વપરાય છે. Effluent = એફ્લુઅન્ટ = એટલે સામાન્ય રીતે ગંદા પાણીની ટાંકીમાંથી કે ઉદ્યોગની પ્રક્રિયામાંથી બહાર પડતા મલા અથવા નુકસાનકારક પ્રવાહીના સંદર્ભમાં આ શબ્દ વાપરવામાં આવે છે અને જો આ બંને શબ્દોમાંથી પ્રથમ બે અક્ષરો કાઢી નાખવામાં આવે તો બાકી રહેતા Fluent (ફ્લુઅન્ટ)નો અર્થ થાય છે અસ્ખલિત (પણે બોલનારૂં), વિપુલ અને સજ્જ, વહેતું, ખમચાયા વિના, જેમકે આપણે ઘણી વ્યક્તિઓ માટે કહીએ છીએ કે એનું અંગ્રેજી ફ્લુઅન્ટ છે! અથવા તો ફ્લુઅન્ટ વક્તા છે.

**Emoji =** ઈમોજી = કોઈ વસ્તુનું નામ દીધા વિના તેની કલ્પના સૂચવનારું ચિત્ર, ચિત્રાક્ષર અથવા તો આપણે જેને સ્માઈલી તરીકે ઓળખીએ છીએ તે. આ ઈમોજી અનેક સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે. જેમાં મોઢાના હાવભાવ, હાથના ઈશારા, સામાન્ય ચીજવસ્તુઓ, જગ્યાઓ, પ્રાણીઓ વગેરેનો સમાવેશ થાય છે. આ શબ્દ જાપાનીઝ ભાષામાંથી – ઈ+મોજી – લેવામાં આવેલ છે. તેનો પ્રથમ ઉપયોગ જાપાનીઝ મોબાઈલ ફોનોમાં ૧૯૯૯ માં કરવામાં આવેલ. ત્યારબાદ તે આખી દુનિયામાં લોકપ્રિય થઈ ગયેલ છે અને ૨૦૧૦ પછી તે કેટલીયે મોબાઈલ ઓપરેટીંગ સિસ્ટમોમાં ઉમેરવામાં આવેલ છે. ૨૦૧૫માં ઑક્સફર્ડ ડિક્શનરીએ ખુશીના આંસુના ટપકા સાથેના ચહેરાવાળા આ ચિત્રને વર્ડ ઑફ ધ ઈયર જાહેર કરેલ છે.

**Amphibion =** એમ્ફિબિઅન = ઉભયચર (પ્રાણી). એના જેવું જમીન અને પાણી બંનેમાં ચાલનાર (વાહન-વિમાન). આ શબ્દ જૂની ગ્રીક ભાષામાંથી ઉતરી આવેલ છે. જે બંને (પાણી અને જમીન)માં રહી શકે તેવું જીવન અથવા તો પ્રાણી સૂચવે છે. દેડકા, કાચબા વિ. તેનું ઉદાહરણ છે. સી પ્લેન પણ તેનું ઉદાહરણ કહી શકાય. અલબત્ત તે પ્રાણી નથી પરંતુ હવા તેમજ પાણી બંનેમાં ચાલી શકે છે. તેથી તેને પણ એમ્ફિબિયન કહેવામાં આવે છે. હિંદુ ધર્મમાં દશાવતારનો સિદ્ધાંત છે જે જીવોની ઉત્ક્રાંતિનો જ સિદ્ધાંત છે. જેમાં પ્રથમ અવતાર મત્સ્ય એટલે પાણીમાં રહેનાર જીવ તરીકે દર્શાવેલ છે અને દ્વિતીય અવતાર કૂર્મ એટલે કે કાચબાનો કહેલ છે. જેનો મતલબ થાય છે કે પાણીમાંથી જીવે જમીન તરફ ગતિ કરી અને તે ઉભયચર બન્યું. બાકીના આઠ અવતારોમાં ક્રમાનુસાર આવે છે વરાહતાર, મતલબ સૂવર - જંગલી જનાવર, ચોથો નરસિંહ, અર્ધ માનવ અને અર્ધ જાનવર. ત્યારબાદ વામન જેની ઊંચાઈ ત્રણેક ફૂટ હતી અને આવા ઠીંગણા લોકો હજુ પણ આંદામાન - નિકોબાર ટાપુઓ પરના જંગલમાં જોવા મળે છે, જે ઝારવા તરીકે ઓળખાય છે. આના પછીના અવતારમાં આવે છે પરશુરામ. જેઓ તેના હથિયાર કુહાડી - પરશુને લીધે ઓળખાય છે. ત્યારબાદ મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામ અને આઠમો અવતાર તે દેવકીનું આઠમું બાળક ભગવાન શ્રીકૃષ્ણ તેમજ નવમો અવતાર છે મહાત્મા બુદ્ધનો. દશમો અવતાર કલ્કીનો હજુ બાકી છે. ■

WITH BEST WISHES FROM
MORBIA GROUP OF COMPANIES

SOFA WALA The Sofaz Expert
WORLD ink IT Rental & Sales

furniture mall

SUKHLAL MORBIA & FAMILY

112, Dev Arc Complex,
ISCON Cross Road,
S.G. Highway, Ahmedabad.
M. : 98252 36494, 98252 27499

**૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા**



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

**ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**S.S.C. - H.S.C.**

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.
સરકાર માન્ય તેમજ ખાનગી

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.


**ડી. એન. પોલીટેકનીક**

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

સિને જગત

# નાનકડી વાત...



નિરંજન બી. અંતાણી

પ્રત્યેક સર્જન એ એના સર્જકની મનોભૂમિનો પ્રતિઘોષ છે. પ્રત્યેક સર્જન સર્જકના સમસ્ત મનોજગતનું પ્રતિબિંબ છે. કહો ને કે કૃતિ એ સર્જકના માનસપટનો એક્સ-રે છે. એ વિચારબીજને મનમાં પાંગરતું રાખીને કોઈ અતિ પ્રતિભાસંપન્ન, અનોખા અને અસામાન્ય સર્જકના સર્જનોનો અભ્યાસ કરવાની મજા જ જુદી છે. કોઈ કોઈ સર્જકો તો એવા, કે એમની કૃતિઓની વાતો કરવા બેસીએ તો આખું આયખું ઓછું પડે. તણખા જેવા દેદીપ્યમાન સંગીતસર્જક વિશે નાનકડી વાત કરવાનો આનંદ પણ ઓછો નથી.

તમને અચાનક 'યે મન, કિસી કે જાને કે બાદ, કરે ફિર ઉસકી યાદ, છોટી છોટી સી બાત...' પંક્તિ સાથે વાગતું TRUMPET સંભળાયું હશે અને ઓળખી જ ગયા હશો, કયા વિરાટ સંગીત સર્જકના સંદર્ભમાં આ નાનકડી વાત થઈ રહી છે.

આવા અનેક સ્વરાંકનો સાંભળીને વિચાર આવી જાય કે, **સલીલ ચૌધરી**નું મન કઈ માટીમાંથી બનેલું હશે! એમનું મન ક્યારેક મૂંઝાઈ નહીં જતું હોય? રાત ને દિવસ, જાગતા અને ઊંઘતાં એમનાં મનમાં સ્વરોનાં અફાટ સમુદ્રના મોજાં ઉછળતાં રહ્યાં હશે, ખુલ્લા આકાશમાંથી સતત સ્વરોનો વરસાદ વરસતો રહ્યો હશે.

સલીલ ચૌધરીના સંગીતને કોઈ એક વાક્યમાં વ્યાખ્યાયિત ન કરી શકાય. શાસ્ત્રીય સંગીત, લોકસંગીત અને વેસ્ટર્ન મ્યુઝિકના ઘૂઘવતા મહાસાગરોને આ માણસ પી ગયેલો. એથી જ એમની એક પણ રચના સીધી રેખામાં જતી જોવા ન મળે. ને સરળ તો નહીં જ. કદાચ એમની આ આદત બની ચૂકી હતી કે એ ધારે તો પણ સામાન્ય સરળ રચના ન કરી શકે... એટલે જ એમ લાગે કે સલીલના જીવને કદીય જંપ નહીં વળ્યો હોય... ક્યાંથી વળે? મનમાં તો સ્વરોના JUMP ચાલુ હોય એટલે...

- *કઈ બાર યું ભી દેખા હૈ, યહ જો મનકી સીમારેખા હૈ, મન દૌડને લગતા હૈ....*
- *ઝિંદગી કૈસી યે પહેલી હાય...*
- *દિલ તડપ તડપ કે કહ રહા હૈ આ ભી જા...*
- *આહા રિમઝિમ કે એ પ્યારે પ્યારે ગીત લિયે...*
- *તસ્વીર તેરી દિલ મેં...*
- *મચલતી આરઝુ ખડી બાહેં પસરે...*

આવા ગીતોમાં સ્વરોના ગજબના ઉતાર ચઢાવ જોઈ શકાય છે. તો,

- *રજનીગંધા ફૂલ તુમ્હારે, મહેકે યું હી જીવન મેં...*
- *તૂટે હુએ ખ્વાબોંને હમકો યે સીખાયા હૈ...*
- *રાતને ક્યા ક્યા ખ્વાબ દિખાયે...*
- *ઓ સજના, બરખા બહાર આયી...*
- *કોઈ હોતા જીસકો અપના, હમ અપના કહ લેતે યારોં...*
- *આંસુ સમજ કે ક્યું મુજે... આંખસે તુમને ગીરા દિયા...*

એવાં ગીતો છે જે સલીલે મનને ખૂબ સમજાવી બુઝાવીને બનાવ્યા ન હોય જાણે? કહેવાનો અર્થ એટલો જ કે આ ગીતોમાં તેમણે મેલોડીને ખૂબ પ્રાધાન્ય આપ્યું હતું.

એ સમય એવો હતો જ્યારે ફિલ્મ સંગીતમાં ORCHESTRATION એટલે કે વાદ્ય સંગીત એક નિશ્ચિત ઢાંચામાં ઢળી ચૂક્યું હતું. ગીતના સ્કેલ મુજબ શરૂઆતનું સંગીત હોય અને પછી ગીતની ધૂનને મળતું આવતું INTERLUDE સંગીત હોય એમ બનતું... પણ આ માણસે તો આખી દુનિયા જ બદલી નાખી. ગીતની ધૂન ક્યાં ને એનું વાદ્ય સંગીત ક્યાં... છતાં ક્યાંય પણ એમણે સ્વરને એની કક્ષાથી નીચે જવા દીધા નથી. બલકે વાદ્યોનું કલ્પનાતીત વિશ્વ ઊભું કર્યું છે. એક એક વાદ્યને એની ખૂબી સાથે ગીતોમાં ઉપયોગમાં લીધા છે. જ્યારે સ્ટાફ વાયોલીન અને રીધમની ભરમાર હતી ત્યારે તેમણે ફ્લ્યુટ અને બ્રાસ જેવા વાદ્યો દ્વારા હાર્મોની પ્રયોજી. ચેલો અને સેક્સોફોન જેવા પાશ્ચાત્ય વાદ્યોનો અદ્‌ભુત ઉપયોગ કરી એક નવી જ ભાત પાડી. બાળપણમાં તેમણે બિથોવન, મોઝાર્ટ, બાક, જેવા મહાન સંગીતકારોને ખૂબ સાંભળ્યા હતા. જેને કારણે પાશ્ચાત્ય શૈલી તેમના Orchestrationમાં જોવા મળે છે. છતાં પણ ભારતીયતા તો તેમણે અક્ષુણ રીતે જાળવી હતી. મોઝાર્ટની g minorની સિમ્ફની પરથી તેમણે *'ઈતના*

*ના મુજશે તું પ્યાર બઢાં...'* ગીત બનાવ્યું. બહુ ઓછા લોકોને ખબર હશે કે તેઓ ખૂબ સારા સિતારવાદક હતા. એમના ગીતોમાં સિતાર એક નવી જ શૈલીથી તેમણે વગડાવી હતી.

બંગાળમાં દુર્ગાપૂજા વખતે નવા નવા ગીતોની રેકોર્ડ બહાર પડતી. આ માટે સલીલ દા એ સૌ પ્રથમ વખત લતા મંગેશકર પાસે અદ્‌ભુત બંગાળી ગીતો ગવડાવ્યા. આ ગીતોની ધૂનો તેમણે હિંદી ફિલ્મો માટે આપણા પાર્શ્વગાયકો પાસે ગવડાવી. એ ગીતોમાં... 'નાં, મોનો ભેદો ના...' એટલે ફિલ્મ આનંદનું, 'ના, જીયા લાગે ના... કેનો કિછુ કોથા બોલો ના...' એટલે **કિશોરકુમારે** ગાયેલું 'મૌજોં કી ડોલી, ચલી રે...' આવા અસંખ્ય બાંગ્લા ગીતોની પોતાની ધૂનો એમણે હિંદી ગીતો માટે ઉપયોગમાં લીધી. જે એમના સમકાલીન સંગીતકારો માટે ધ્રુજાવી દેનાર ઘટના હતી કારણકે એથી પહેલાં આવું સંગીત કોઈએ કલ્પ્યું પણ નહોતું...

સલીલ ચૌધરીનું સંગીત સાંભળતા લાગે કે તેમનો સ્વભાવ એકદમ નિર્મોહી હશે. એમણે કદી પણ કીર્તિની ખેવના નહોતી કરી. મુંબઈના સેકન્ડ ગ્રેડના સ્ટુડિયોઝમાં તેમણે હંમેશાં કામ કર્યું. કેમકે સારા સ્ટુડિયોઝ તેમને મળતા જ નહોતા. ૭૦ના દાયકામાં તેઓ મદ્રાસ તરફ વળ્યા. જ્યાં તેમણે તમિલ અને મલયાલમ ફિલ્મોમાં પણ સંગીત આપ્યું. જ્યાં તેમની મુલાકાત આજના વિખ્યાત સંગીતકાર ઈલાયારાજા સાથે થઈ... સલીલથી તેઓ એટલા પ્રભાવિત થયા કે તેમના સહાયક બની ગયા.

સલીલ ચૌધરીનું સર્જન વિરાટ ફલક પર વિસ્તરેલું છે. એમના ગીતો ગાવા, એ ગાયકો માટે હંમેશાં એક ચેલેન્જ રહી છે. ગાયકોની કસોટી થઈ જાય એવા ગીતો ગવડાવનાર એમના સિવાય બીજા કદાચ એકેય સંગીતકાર નહોતા. યાદ કરો આ ગીત... ***'એ દિલ કહાં તેરી મંઝીલ'*** કોરલ વોઈસ સાથે લતાજીને અતિ તાર સપ્તકમાં ફક્ત આલાપ જ કરાવ્યા છે એમણે...

શાસ્ત્રીય સંગીતની જાણીતી બંદિશોમાં ***'જા તોસે નહીં બોલું કન્હૈયા'*** રાગ હંસધ્વનિ પર એમણે બનાવી... જે ઉસ્તાદ અમીરખાન સાહેબે રચેલ તરાના પર આધારિત છે. તો ***'જાગો મોહન પ્યારે'*** પણ ભૈરવીની બંદીશ પર આધારિત છે.

સલીલ ચૌધરીનું સંગીત સાંભળતા એક પીડા અનુભવાય અને એ પીડા શાંત પણ એમના સંગીત સિવાય કોઈ કરી શકે નહીં એવો આપણા સૌનો અનુભવ છે. એમનું સંગીત નિતાંત નિજાનંદ માટે સર્જાયું હોય એવું હંમેશાં લાગે... એક કલાકારની બેચેની એમના સંગીતમાં જોવા મળે છે... જેમના લોહીમાં સ્વરોનો એક પ્રચંડ પ્રવાહ વહેતો રહ્યો એવા સલીલના એવાં ગીતો છે જે લોકોએ ઓછાં સાંભળ્યા પણ એકવાર એ સાંભળ્યા પછી એને ક્યારેય ભૂલી શક્યા નહીં.... આવા ગીતો યાદ કરીએ...

- *રાતોં કે સાયે ઘને, જબ બોજ દિલ પર લગે...*
- *નયન હમારે સાંજ સકારે...*
- *ની સા ગ મ પ ની સા રે ગ...*
- *દુનિયા રંગ બદલતી જાયે...*
- *નિશદિન, નિશદિન મેરા જુલ્મી સજન ઐસી બતિયાં બનાયે હાં...*
- *મદભરી યે હવાયેં...*

આપણી અનેક સાંજોની ગમગીનીને ક્ષણમાત્રમાં દૂર કરી દેતું એમનું માદક સંગીત... **ભારતીય ફિલ્મ જગતનું અનમોલ રતન એટલે સલીલ ચૌધરી...** કોઈ પણ મહેફિલના અંતમાં જેમ ભૈરવીથી સમાપન થાય તેમ આપણે એક અત્યંત મધુર ભૈરવીને અંતમાં યાદ કરી લઈએ...

*તેરી યાદ ન દિલ જા સકી, આતી થી યે કભી કભી,*
*આજ તો યે ભી ના આ સકી...*

*૩/બી, અશ્વમેઘ કોમ્પ્લેક્સ, મંગલમ ચાર રસ્તા,*
*સંસ્કારનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

Mr. Prafulchandra Tank
M. : +91 98250 53258
Mr. Kishan P. Tank
M. : +91 99258 11599
KARMA
CHEMICAL INDUSTRIES
Manufacturer of : BASIC DYES
RHODAMINE B 540%
Basic Violet 10 & Other Qualities
BASIC RHODAMINE B BASE
BASIC DYES FOR
Paper, Textile Printing & Leather
• FACTORY •
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110
• RESIDENCE •
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

સલામ!

# "સલામ એ સંતને! સલામ એ યાત્રીને!"

• જયંતિ ધોકાઇ •

એકવાર એક યુવાન મક્કાની હજયાત્રા કરવા નીકળ્યો. તેને થયું કે કોઈ સારા સાચા સંત કે ગુરુ મળી જાય તો તેમને સલામ કરીને આગળ વધું. અને ભાગ્ય સંજોગે, થોડા માર્ગને અંતરે મહાન સંત અબુ સલેમ તેને મળી ગયા. યુવાને ખૂબ આદરભાવથી તેમને સલામ કરી. પરંતુ અબુ સાહેબે તે સ્વીકારી નહીં. તેને કોઈ વળતો જવાબ ના આપ્યો.

એ યુવાનને જરા દુ:ખ થયું. પછી ફરી એવા જ આદરથી તેણે એ સંતને પૂછ્યું : "એક મુસ્લિમ બીજા મુસ્લિમની સલામ સ્વીકારે નહીં એ કેવું વિચિત્ર કહેવાય?"

સંત અબુ સાહેબે એવા જ ખિન્ન ભાવે જવાબ આપ્યો – "જે માણસ કુષ્ઠરોગથી પીડાતી પોતાની સગી માતાને અસ્પૃશ્ય ગણે, તેને તરછોડીને હજ કરવા નીકળે એવા બેઈમાન માણસની સલામ હું કદી સ્વીકારતો નથી."

**યુવાનને સંતનું આ વેધક વાક્ય તીરની જેમ ભોંકાયું.** તેને થયું કે પ્રભુ પયગંબર જેવા અંતર્યામી આ સંતને મારી માતાના કષ્ટની તથા તેના કષ્ટપ્રદ રોગ રક્તપિત્તની ખબર પડી ગઈ હશે તેથી જ તેણે મને આવો આકરો જવાબ આપ્યો હશે. અને તે જ સમયે તે ત્યાંથી પરત ફરી પોતાના ઘર તરફ ઝડપથી ડગ ભરવા માંડ્યો. ઘેર પહોંચીને રક્તપિત્તના રોગથી પીડિત માતાના ચરણમાં પડીને માફી માંગી લીધી. એટલું જ નહીં, તે જ દિવસથી તેણે તેની સારવાર પણ શરૂ કરી દીધી.

ડૉક્ટરોની સલાહ સૂચન પ્રમાણે દવા-દારૂ, પાટા-પિંડી, ખોરાક એ બધું પોતાના બંને હાથો વડે જ કરી કરીને થોડા મહિનાઓમાં તો તેણે માતાને સાજી કરી દીધી, બેઠી કરી દીધી. પછી તેમના આશીર્વાદ લઈને ફરી હજયાત્રાએ નીકળી પડ્યો. અને તેના મહાઆશ્ચર્ય વચ્ચે એ જ રસ્તા પર પેલા ગુરૂ સમાન સંત અબુ સલેમ તેને મળી ગયા. આ વખતે તેમના ચહેરા પર આવકારદાયક મીઠું સ્મિત ફરકતું હતું અને જાણે કહી રહ્યું હતું – "તારી સલામ સ્વીકારું છું દોસ્ત! જા... તારી આ યાત્રા હવે સફળ બનશે... મારા આશીર્વાદ છે."

ખરેખર આવી સમયસૂચક જવાબદારી બહુ જૂજ લોકો પાસે હોય છે.

સલામ છે એ સંતને! સલામ છે એ યાત્રીને!

*જવાહર રોડ, ઓખા*
*જિ. દ્વારકા-૩૬૧ ૩૫૦.*

## આપણે ખરાબ છીએ, સિસ્ટમ નથી

*(અનુ. : પાના નં.-૧૨ ઉપરથી ચાલુ)*

છે. હાર અને જીત લોકશાહીમાં ચાલ્યા કરે. ભાજપે મણિપુર અને ગોવામાં હારનો સ્વીકાર કરીને લોક ચુકાદો માથે ચડાવ્યો હોત તો એની પ્રતિષ્ઠા વધત, ઘટત નહીં. ભૂતકાળમાં કોંગ્રેસે પણ આમ કર્યું હતું અને તેમ કર્યું હતું એવી દલીલોથી કામ નહીં ચાલે. આનો અર્થ એ થાય કે તમે ખરાબ હતા એટલે અમે પણ ખરાબ થયા. દાખલો, ભૂતકાળની સારી બાબતોનો આપવાનો હોય.

મુદ્દાની વાત આટલી છે. આપણે સ્વશાસનમાં નિષ્ફળ ગયા છીએ. ચર્ચિલ અને એમના જેવા લોકોની ભવિષ્યવાણી સાચી પડી છે. આપણા રાષ્ટ્રીય ગૌરવ કે અભિમાનને ઠેસ પહોંચશે. પણ આ કડવી વાસ્તવિક્તા છે. આપણને સારા રસ્તા કે ગટર બનાવતા પણ આવડ્યા નહીં. અંગ્રેજો વર્ષો પહેલાં જે સારી રેલસેવા કે ટપાલસેવા આપી ગયા હતા, તેનો પણ આપણે નાશ કરી નાખ્યો. ઉપરથી નીચે સુધી, બધા જ લોકશાહીનો દુરુપયોગ કરીને પોતાનો સ્વાર્થ સાધવાની હરીફાઈમાં પડી ગયા છે. દેશનું થવાનું હોય તે થાય! અંગ્રેજોએ પિંઢારાઓના ત્રાસને દૂર કર્યો હતો. આજે ૧૮ હજાર કરોડ રૂપિયાને ખર્ચે લશ્કર નિભાવનાર સરકાર જાણીતા મવાલીઓને પકડી શકતી નથી! આમાં સિસ્ટમ શું કરે? સરમુખત્યાર દેશોમાં ય ન હોય એવા 'ટાડા' જેવા કાયદા કર્યા, પણ ગુનેગારને પકડવાની દાનત જ નથી, ત્યાં કાયદો અને વ્યવસ્થા ક્યાંથી સુધરે? લોકશાહી લોકો માટે, લોકો દ્વારા ચાલતી પદ્ધતિ છે, એ કહેવત આપણે ખોટી પાડી છે. આ તો થોડા ભ્રષ્ટ રાજકારણીઓ, કરચોરો અને ગુંડાઓ દ્વારા, એમના માટે ચાલતી એમની પોતાની લોકશાહી છે!

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

બોધ કથા

# આ અવિરત ચક્ર...



જયંતિ ધોકાઈ

હા, આપણા સૌના જીવનની સાથે આ ચક્ર સતત જોડાયેલું રહ્યું છે - અવિરત ફરતું સમય ચક્ર!

એવં પ્રવર્તિતં ચક્રમ ।

કદી ના અટકતું કે કોઈનાથી ના રોકાતું આ ચક્ર શું કરે છે, કેમ ફરે છે તે જોવા જેવું છે.

હા, આ જીવનચક્ર આમ શરૂ થાય છે...

પાંચ વર્ષનું બાળક થોડું થોડું સમજણું થાય ત્યારે તે એમ માનવા લાગે છે કે... 'મારા પપ્પા જેવા પ્રેમાળ અને ડાહ્યા, આ જગતમાં બીજા કોઈ નથી...'

જરા મોટું થાય છે, શાળામાં જવાનું શરૂ કરે છે, બહારની અવનવી વાતો જાણે છે, જુએ છે અને એનો પરિચય જરા વિસ્તાર પામે છે...

જીવનચક્ર ફરતું રહે છે...

તેને થાય છે કે... પોતાના પિતાને તે ધારતો હતો એવા... કદાચ નથી!

તેમનાથી થોડી વધુ ચડિયાતી બુધ્ધિવાળા, વધુ સમજદાર લોકો પણ આ જગતમાં છે ખરા...

અને ચક્ર વધારે ફરે છે...

શાળાનો અભ્યાસ પૂરો કરી આ બાળક, બાળક મટી હવે યુવક બને છે. કોલેજનો અભ્યાસ શરૂ કરે છે અને નવી - અવનવી દુનિયા તેની સામે ખડી થઈ જાય છે...

અને તેની અગાઉની માન્યતામાં મોટો ફેરફાર થઈ જાય છે!

તેને હવે એમ લાગે છે કે તેના પિતા બહુ હોંશિયાર કે બુધ્ધિશાળી નથી. એટલું જ નહીં, તેઓ થોડા ગમાર કે મૂર્ખ પણ છે.

હા, ચક્ર તો ફરતું જ રહે છે...

કોલેજનો અભ્યાસ પૂર્ણ કરી તે હવે વસમા વાસ્તવિક જગતમાં આવી પડે છે.

નોકરી ધંધાની શોધ આદરે છે, રખડે છે, ભટકે છે આમતેમ, ને વળી સલાહ-સૂચનોનો ધોધ!

હા, હવે તેને એમ લાગવા માંડે છે કે પોતે ધારતો હતો એવા તેના પિતા મૂર્ખ કે ગમાર નથી. કંઈક સમજદાર, શાણા ને અનુભવી પણ લાગે છે ખરા.

ફરતું રહે છે ચક્ર અવિરત... આગળ...

આ યુવકના હવે લગ્ન થાય છે. વળી એક નવું જીવન. નવા-અવનવા પડકારોનો તે સામનો કરી રહે છે. કડવી વાસ્તવિક્તાઓ અને જોખમી જવાબદારીઓ વચ્ચે તે જાણે ભીંસાઈ જાય છે.

ને ચક્ર તો હજુય ફરતું જ રહે છે...

એક-બે બાળકોનો તે આકસ્મિક જ પિતા થઈ જાય છે અને અગાઉની અગણિત માન્યતાઓમાં વળી એક જબરદસ્ત પલટો આવી જાય છે એના જીવનમાં...

તેને થવા લાગે છે કે તેના પિતા ખરેખર ઘણા સમજદાર અને અનુભવી છે. એટલું જ નહીં, તેઓ એક ઉમદા ખાનદાની પણ ધરાવે છે.

પણ... ચક્ર તો અવિરત...

એના બાળકો મોટા થાય છે, શાળાએ જાય છે, કોલેજમાં ભણે છે... પછી...

તેના એ જ બાળકની વિચારધારા?

બસ, આમ જ...

ચક્ર ફરતું રહે છે, સતત - અવિરત - બિન રોકટોક!

એવં પ્રવર્તિતં ચક્રમ ।

*જવાહર રોડ, ઓખા, જિ. દ્વારકા-૩૬૧ ૩૫૦.*
*ફોન : (૦૨૮૯૨) ૨૬૨૬૧૧*

## હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : સપ્તક ગેમના જવાબો

★ **વિભાગ-૧** : (૧) મંજીરા, (૨) મંકોડા, (૩) મંદી, (૪) મંગેતર, (૫) મંગળસુત્ર. ★ **વિભાગ-૨** : (૧) કમંડળ, (૨) કરકસર, (૩) કરવત, (૪) કડુ-કરિયાતું, (૫) કપટ. ★ **વિભાગ-૩** : (૧) ગેરુ, (૨) ગેડીદડો, (૩) ગેરીલો, (૪) ગેરંટી, (૫) ગેરેજ. ★ **વિભાગ-૪** : (૧) તાજ, (૨) તાડ, (૩) તાલ, (૪) તાપણી, (૫) તારંગા. ★ **વિભાગ-૫** : (૧) રમકડાં, (૨) રજત, (૩) રવૈયો, (૪) રખેવાળ, (૫) રથ. ★ **વિભાગ-૬** : (૧) શતદલ, (૨) શતરંજ, (૩) શબરી, (૪) શકોરું, (૫) શણગાર. ★ **વિભાગ-૭** : (૧) લલના, (૨) લલાટ, (૩) લશ્કર, (૪) લગન, (૫) લલિતકલા.

માહિતી

# અર્ધી સદી અગાઉનું અમદાવાદ... મારી સ્મૃતિમાં

• સુનિલ અંજારીયા •

અમદાવાદ તો કયા ગુજરાતીને પરીચિત ના હોય? હવે તો કયા ભારતીયને? ૨૦૧૮માં જ્યાં જોઉં ત્યાં ગુજરાતી કરતા હિંદી બોલતા બિનગુજરાતીઓ જ દેખાય છે. હા, મારા અમદાવાદે એના આગોશમાં બધાને સમાવી લીધા છે.

હું એ વખતની, આશરે ૪૫ વર્ષ પહેલાના અમદાવાદની વાત કરું છું. હું ધોરણ-૭માં અહીં આવ્યો. ગામડેથી નહીં, ભાવનગર જેવા એ વખતે શાંતિની પરાકાષ્ટાવાળા સુશિક્ષિત શહેરમાંથી. અહીંનો ત્રણ દરવાજાનો શોરબકોર, મજૂર વિસ્તારોની દોડાદોડી, 'ટેણિયા', લોકડી (પાતળો માણસ), ખપત (કંટાળો આપતો), માલ (સુંદર છોકરી) જેવા નવા શબ્દો અને બે... અથવા બહેય... કરી ઉમેરાતી નવી જ ગાળો, લટકતા માણસોથી ફાટફાટ થતી 'લાલ બસ'... એવું જોઈ આભો જ બની ગયો અને શીખવા તેમજ ન શીખવાનું ઘણું શીખ્યો.

અધધધ... ત્રણ દરવાજાનો માનવ મહેરામણ અને સામે ૬ માળનું બેંક ઑફ બરોડા બિલ્ડિંગ. ૧૨ માળનું બહુમાળી મકાન નવું જ બનેલું અને શહેરની અજાયબી ગણાતું હતું. આપઘાત માટે અનુકૂળ સ્થળ હતું. નવું જ બનેલું લાલ દરવાજા ભદ્રનું ટેલિફોન એક્ષચેન્જ અને એમાં કાળી સરકીટો જોવા શાળામાંથી લઈ ગયેલા.

લાલ બસ 'AMTS' અમદાવાદની શાન હતી. રાત્રે ૧૨થી ૧.૩૦ની મિલ કામદારોથી ખીચોખીચ બસો ઉપડતી. ટિફીનો અથડાતા, મહેનતનો પરસેવો ગંધાતો. ફરી પહેલી બસ સવારે ૪ વાગે ઉપડતી.

નહેરુ બ્રિજ ૧૯૬૬માં બન્યો ત્યારે એક સાથે ૬ બસો અડોઅડ ઊભી રાખી 'ગુજરાત સમાચાર'માં ફોટો મૂકેલો કે બોલો, આવો પહોળો બ્રિજ!

નટરાજમાં પહેલી ફિલ્મ ક્લીયોપેટ્રા ચડી. એક બાળક જેણે એ પહેલા શો ની ટિકીટ લીધેલી, એના હાથે રીબન કપાયેલી. હું બાળકને ઈર્ષ્યાથી જોતો ઊભેલો.

આપણે પંચાત કહીએ એવું વાતવાતમાં પૂછાતું. બસમાં ક્યાં જાઓ છો? પછી કઇ નાતના છો? તુરત બસ, એમ જ. ટ્રેનમાં થોડા પરિચય પછી કોઈ ખાવાનું ધરે પણ થોડીવારમાં 'તમારો પગાર કેટલો?' જેવું અંગત પણ નિઃસંકોચ પૂછી લે.

ભીંતો પર હજુ 'ઓછા બાળ, જય ગોપાળ' લખાતું. 'અમે બે અમારા બે' પછી આવ્યું. ઘણાને પાંચ-છ ભાઈ-બહેન સામાન્ય હતા.

યુનિવર્સિટી પાસે રાત્રે ૮ પછી કોઈ સ્ટેન્ડ પર એકલું ઉભતું નહીં. ઝાકળઝંઝામાં એવી એકલી પ્રેમભગ્ન સ્ત્રીના ભૂતની વાત છપાયેલી વાંચી છે. રાત્રે ૧૦ વાગે ડોશીમાની ઠાઠડી આકાશમાં દેખાય એ એ જોવા લોકો ટોળે મળી આકાશમાં આંગળી ચીંધતા. અટીરા રોડ પર અને નહેરુ બ્રિજ પર રાતે માતા વગરનું ભૂત ફરે છે એવું કહેવાતું, બીવાતું. નારાણપુરા ક્રોસિંગ પર ચાલુ ટ્રેન પર બુટપોલીશવાળા છોકરાનું ભૂત દોડે છે એવી વાત વહેતી થતા લોકો ટોળે મળતા. કોઈક તો આંગળી ચીંધી 'એ દેખાય...' પણ કહેતા. બીજા માનતા પણ ખરા.

ગાંધીનગર થવા પર હતું પણ શાહીબાગ પર મિનિસ્ટરના બંગલાઓ, એમાં મોટાં ગુલાબ ડોકાતા. પાણી મોટેભાગે દૂધેશ્વર વોટર વર્કસથી મળતું. ત્યાંના જ સ્મશાન જતા મોટે મોટેથી 'રામ બોલો ભાઈ રામ...' કે 'રામ નામ સત્ય હૈ...' બૂમો પાડતા લોકોથી શાહપુર સતત ગાજતું રહેતું. માની શકો? શાહપુર એ વખતે જૈન બહુમતી, કહો કે એકલા જૈનોનો જ વિસ્તાર હતો!

એક હજુ પણ કંપારી છોડતી ઘટના યાદ છે — ૧૯૬૯ના કોમી હુલ્લડ. રસ્તે એમ જ પડેલી લાશો, મોં પર સૂકાયેલું લોહી યાદ છે. દિવસોનો કરફ્યુ. કહે છે કાચ પર કંઈ લગાવી બરાબર ગળા પર એવી રીતે મારતા કે બે કિ.મી. ગયા બાદ માણસ ઢળી પડે પણ ત્યાં સુધી એને ખબર ના પડે. એક વખત દૂધની બાટલીઓમાં ઝેર ભેળવ્યું છે, પીવું નહીં એવી ચેતવણીઓ રેડિયો પર વહેતી થયેલી. કાંકરિયા આબાદ ડેરીનું દૂધ કાચની બાટલીમાં વેચાતું. હજી 500 ml ની બાટલી દિવાળીમાં રોકેટ ફોડવા સાચવી છે. ઉપર બીલ્લાના કલર પરથી હાઈ ફેટ, લૉ ફેટ કે ટોન્ડ ખબર પડતી. હાઈ ફેટ ૩ રૂપિયે લીટર હતું. ઠેકઠેકાણે કેબિનો અને વહેલી સવારે પુરુષો, બપોરે સ્ત્રીઓની લાઇનો દૂધ લેવા ઉભતી. ૧૨-૧૪ વર્ષની ઉંમરે એ લાઇનોમાં આંખો લડાવી મીઠા ગપાટા, હમઉમ્ર બાળાઓ સાથે હાંક્યા છે.

રાયપુર, મણિનગર, શાહીબાગ, આંબાવાડી, સાબરમતી, રખિયાલ એવા વિસ્તારો વસેલા હતા. સેલ્ફ કન્ટેઇન્ડ પોળો વસેલી હતી. થલતેજ સેટેલાઇટ જજીસ બંગલો એવું તો કોઈએ સાંભળ્યું નહોતું. **સેટેલાઇટના એન્ટેનાને 'જોધપુરની રકાબી' તરીકે લોકો જાણતા** એ પણ નવનિર્માણ, ૧૯૭૪ આસપાસ. એ વખતે ત્યાં ફક્ત ટેકરો હતો. નવનિર્માણના રમખાણો વખતે ભાવ નિર્જરમાં શાકભાજી આસપાસથી લાવી વેચતા. અમદાવાદની લિમિટ શેઠ સુરેન્દ્ર મંગલદાસના બંગલા, હાલના નહેરુનગર સર્કલ, નારણપુરા ગામ અને વિજય રેસ્ટોરાં પાસે પૂરી થતી. અસરાનીની ફિલ્મ 'મા-બાપ'માં ડ્રાઈવ-ઈનના ટેકરે ગુંડાઓને આંતરવાનું આવતું એટલે કે થલતેજ પાસે ખડકો વચ્ચેથી પસાર થતો સુમસામ રસ્તો હતો અને એ થિયેટર ટેકરા પર ગામ બહાર હતું.

**ગામના પૂર્વ પશ્ચિમને જોડતા નહેરુ, ગાંધી, સરદાર બ્રિજ હતા પરંતુ સુભાષ બ્રિજ ન હતો. સાબરમતી દૂરનું પરું કહેવાતું.** આર.ટી.ઓ. પાસેની જગ્યાનું અસ્તિત્વ ન હતું. દર્પણ અને ઉસ્માનપુરા ૧૯૭૩ની આસપાસ બન્યા. દર્પણ સર્કલ પર મૂકેલો માટીનો ઘોડો ઈન્કમટેક્ષ વિસ્તારની શાન હતી. ગાંધીનગર ૧૯૬૯માં બન્યા પછી જ કહો કે આવતી જતી શટલ બસોએ એ વિસ્તારનો વિકાસ કર્યો.

પોળમાં પાણીના કોમન નળ પર ગૃહિણીઓ તાકાતનો પરચો બતાવતી. કેરોસીનની લાઇનમાં ૪ કલાક ને સવારે દૂધની અડધો કલાકની લાઇનમાં તો હું ઉભો છું. ત્યાં જ આપણને ઈમ્પ્રેસ કરવા જ આવતી બાલિકાઓ સાથે આંખો લડાવી છે. કોઈ દસ ડગલા સાથે ચાલે એટલે પાણી પાણી. લાઇનો જીવનનો સહજ ભાગ ગણાતી.

બાકી તો કોઈ છોકરીને છોકરાની વાત કરો એટલે 'હાય હાય' કહી જીભડો બહાર કાઢે. પૂરો સંકોચનો દાબડો. વિજાતીય મૈત્રી જાહેરમાં થઈ શકતી નહીં પરંતુ એવું અને 'ગલીપચી કરાવતું' સાહિત્ય અખબારી સાપ્તાહિક પૂર્તિઓ પીરસતી, એ જ વધુ વંચાતી.

મારી જ એચ.બી.કે. શાળામાં માત્ર છોકરા જ ભણતા. જે સામે જ આવેલી માત્ર છોકરીઓની મોહીનાબા ગર્લ્સ સ્કૂલની બાળાઓનો બસ સ્ટેન્ડ પર ઇંતેજાર કરતા! બીજી દીવાન બલ્લુભાઈ શાળામાં બોયઝ અને ગર્લ્સના ક્લાસ અલગ અને અલગ મજલાઓ પર. તો પણ ઉપર ઝરૂખેથી રીસેસમાં બાળાઓ જોતી. બહારથી બોયઝ, ગર્લ્સને ઉપર તાકી તાકીને જોતા. આજે જેવી વિજાતીય મૈત્રી કોલેજમાં પણ થઈ શકતી નહીં. જાહેરમાં વિજાતીય મૈત્રીનો વિચાર પણ થઈ શકતો નહીં.

સિનેમા જ મનોરંજનનું માધ્યમ હતું. એડવાન્સ બુકિંગ માટે સવારે ૯ થી ૧૨ ભીડ જામતી. કોઈની બહેન લાઇનમાં ઊભી હોય કેમકે લેડિઝની લાઈન અલગ હોય, તો મિત્રો એ બોયની આગળ પાછળ થતાં જલ્દી ટિકિટ લેવા. એડવાન્સ સિનેમામાં માત્ર અંગ્રેજી; રૂપાલી, રૂપમમાં નવા અને કુમકુમ, નોવેલ્ટી, લક્ષ્મી ઘી કાંટા માત્ર ગુજરાતી ફિલ્મો બતાવતા.

રેસ્ટોરન્ટ કે બહાર જમવાનું કોઈએ સાંભળ્યું ન હતું. સાદી જિંદગી. પુરુષો લેંઘા ઉપર શર્ટ પહેરતા થયેલા. એમના એ વખતે ૪૫ ઉપરના વડીલો મિલોના સફેદ ધોતિયા જ પહેરતા. હજી કેટલાક ખાદીટોપી વિના બહાર નીકળતા નહીં સ્ત્રીઓ ૨૨ વર્ષ ઉપરની થાય એટલે સાડી જ પહેરતી અને ૫૦ ઉપર જાય એટલે 'માજી સાડલા' એટલે કે સફેદ કે ભૂરી ડિઝાઈનવાળી કોટન સાડી પહેરતી, મોટો ચાંદલો કરતી.

સોસાયટીઓમાં રહેતા વર્ગ સિવાય માં ને બા, બાપને બાપા કે બાપુજી કહેવાનો રિવાજ હતો. પપ્પા મમ્મી તો 'સુધરેલા નોકરિયાતો'ના સંતાનોનું સંબોધન!

**કાંકરિયા નગીનાવાડીમાં છાશવારે ગુજરાતી ફિલ્મોનું શૂટિંગ થતું.** ચાંદો મોટા બલ્બનો, ઉપર કથાઈ ટપકાં!!

સાઇકલ અને લાલ બસ જ અવર જવરના સાધનો હતા. મોટા માંધાતાઓ સાડા દસે ઑફિસ માટે બસની લાઇનમાં ઊભતા. ૧૧થી ૬ ઓફિસ ટાઈમ. સાઇકલ પર જવું મોટા સાહેબો માટે પણ સામાન્ય હતું.

જ્યાં ને ત્યાં કબરના પથ્થરો દેખાતા. માઉન્ટ કારમેલ સામેનું મંદિર પણ કદાચ ૧૯૬૯ સુધી એક કબર હતું. ૪૭ નંબરની બસ હોર્ન વગાડીને જ જતી.

લોકો પોતાને સૌરાષ્ટ્ર, મહેસાણા બાજુથી આવી વસેલાથી જુદા બતાવવા ઓહ... મહારુ... એહેમ... કહેમ... ખેંચી બોલતા જે હું મજાકમાં ઉલટી કરતા કે કોગળા કરતા બોલે એમ કહેતો.

પાંચશેરીમાં શાક લેવા જવું ઘણાની રવિવાર સવારની પ્રવૃત્તિ હતી.

રેડિયોમાં ફિલ્મોના ઓડિયો ટ્રેક બપોરે ૧૨ વાગે આવતા અને રવિવારે રાતે ૯.૩૦ વાગે આવતા નાટકો લોકો ટોળે વળી સાંભળતા.

ગરદી, ભીડભાડ, ધક્કામુક્કી લોકોને કોઠે પડી ગયેલા. છતાં અડોશપડોશ એક ઘરની જેમ રહેતા. સાદી અને શંકા સાથે પ્રેમભરી જિંદગી હતી.

આ હતું લેઈટ ૬૦નું, ૫૦ વર્ષ પહેલાંનું અમદાવાદ.

*મો. ૯૮૨૫૧ ૦૫૪૬૬*

માહિતી

# બજતા હી રહા હૂં મૈં...!



નજમા વાય. ગોલીબાર

ધાર્મિક વિધિ પ્રસંગોમાં જ નહીં, ઘંટનો ઉપયોગ પ્રાચીનકાળથી બીજા પણ ઘણા કામો માટે કરવામાં આવે છે. જોકે, હાલમાં ઘંટનો ઉપયોગ ઓછો થઈ ગયો છે. પહેલાં ફાયર બ્રિગેડવાળા આગળનો રસ્તો ખાલી કરાવવા માટે, જેલમાં કેદી ભાગી જાય ત્યારે, રાજા-મહારાજાઓના મહેલોની બહાર ફરિયાદી ઘંટ તરીકે અને સ્કૂલોમાં પીરિયડ બદલાયા કે સ્કૂલ છૂટ્યાની જાણ કરવા માટે ઘંટનો ઉપયોગ થતો હતો. ભક્તજનો આજે પણ ઘંટનો ઉપયોગ કરે છે.

**દુનિયાભરમાં ગૂંજે છે, ઘંટ!**

★ પ્રાચીન મિસરના રહેવાસીઓ દેવપૂજન ઉત્સવમાં દરેક અનુષ્ઠાનની શરૂઆત ઘંટના રણકારથી કરતા હતા.

★ ગ્રીક સેના કિલ્લા અને છાવણીઓમાં ઘંટનો ઉપયોગ કરતી હતી.

★ પ્રાચીન રોમમાં સૂર્યોદયની જાણકારી આપવા માટે ઘંટ વગાડવામાં આવતો હતો.

★ પ્રાચીનકાળમાં ઇંગ્લેન્ડમાં રાતના એક ખાસ સમયે ઘંટ વગાડીને સંકેત આપવામાં આવતો હતો. આ પછી રોશની કે, કોઈપણ જાતની આગ ઓલવી નાખવામાં આવતી હતી. આને કર્ફ્યુ બૅલ કહેવામાં આવતો હતો.

ઇંગ્લેન્ડમાં ઘંટનું ચલણ ઇ.સ. ૬૮૦થી શરૂ થયું.

**દુનિયાનો સૌથી મોટો ઘંટ :**

દુનિયાનો સૌથી મોટો ઘંટ રશિયામાં મોસ્કો શહેરમાં છે. આ વિશાળકાય ઘંટનું નામ છે, જાર કોલોકોલ. ૧૭૩૫માં બનેલા આ ઘંટની ઊંચાઈ ૧૯ ફૂટ, ૩ ઇંચ અને પહોળાઈ ૧૯ ફૂટ, ૪.૫ ઇંચ છે. આની જાડાઇ ૨૪ ઇંચની છે. આનું વજન છે, ૨૨૦ ટન. આ ઘંટને ક્યારેય વગાડી શકાયો નહીં. ૧૭૩૭માં આ ઘંટને જેવો લટકાવવામાં આવ્યો તો એક આગમાં એનો ૧૨ ટન જેટલા વજનનો ટુકડો તૂટી પડ્યો. અસલમાં આગથી તપી રહેલા ઘંટ પર ફાયર બ્રિગેડવાળાઓએ જે પાણી નાખ્યું એનાથી આવું બન્યું હતું. ઘણાં વરસો સુધી આ ઘંટ ઉપયોગ વિનાનો પડ્યો રહ્યો હતો. એ પછી ૧૮૩૮માં આ ઘંટની નીચે, જમીન ખોદીને એક ચર્ચ બનાવી દેવામાં આવ્યું. આ રીતના આ ઘંટ અન્ડરગ્રાઉન્ડ ચર્ચનો ગુંબજ બની ગયો. વિશાળકાય ઘંટ બનાવવાનું સહુથી વધારે પ્રચલન રશિયામાં જ રહ્યું છે.

**આ પણ છે, કેટલાંક ખાસ ઘંટ!**

★ કામમાં આવી રહેલો સૌથી ભારે - વજનદાર ઘંટ મ્યાનમારમાં છે. એનું નામ છે, મિંગુન બેલા. ૧૦૧.૪ ટનનો આ ઘંટ ૨૬ ફૂટ ઊંચો છે. આનો વ્યાસ ૧૬ ફૂટ, ૮.૫ ઇંચ સુધીનો છે. આ ઘંટને બહારથી વગાડવો પડે છે. આને વગાડવા માટે સાગના લાકડાથી બનેલો દંડો વાપરવામાં આવે છે.

★ મ્યાનમાર (બર્મા)માં જ ૩૦૦ ટન વજનનો ઘંટ 'ગ્રેટ બૅલ ઑફ ધમ્માજેડી' તૈયાર કરવામાં આવ્યો હતો. પણ એ નદીમાં ડૂબી ગયો અને ફરી શોધી શકાયો નહીં.

★ દુનિયાનો ઝૂલી રહેલો સૌથી ભારે ઘંટ પીટર્સગ્લોક છે. એ જર્મનીના કોલોંગ ચર્ચના દક્ષિણ-પશ્ચિમી ટાવર પર લાગેલો છે. ૧૯૨૩માં બનેલા આ ઘંટનો ઘેરાવો ૧૧ ફૂટ, ૧.૭૫ ઇંચ છે અને એનું વજન ૨૮.૪ ટન છે.

★ ચીનના બીજિંગ શહેરમાં ૫૩ ટન વજનનો ઘંટ મૂકાયેલો છે.

★ ઇંગ્લેન્ડના પાર્લામેન્ટ ભવનમાં ક્લૉક ટાવરનો બિગ બેલા ઘંટ ખૂબ જ ચર્ચાતો રહ્યો છે. ૧૮૫૬માં જ્યારે એને ઢાળવામાં આવ્યો ત્યારે એનું વજન ૧૪ ટન હતું. પણ એમાં તિરાડો પડવાને કારણે એને ફરીવાર ઢાળવામાં આવ્યો તો એનું વજન ૨.૫ ટન ઓછું થઈ ગયું. થોડાંક દિવસ પછી બીજી વાર તિરાડો પડી ત્યારે એ ભાગને તોડી નાખવામાં આવ્યો.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

*ચિંતન કરીને નવું નવું શોધી કાઢવાનો જે પુરુષાર્થ ચાલુ રાખે છે એ જ જ્ઞાન અને વિજ્ઞાનમાં આગળ વધતો રહે છે.*

# પ્રતિભાવ

### 'કચ્છશ્રુતિ' દીપોત્સવી અંક : પ્રતિભાવ

અંક હાથમાં આવ્યો કે તરત જ બધા લેખો પર નજર ફેરવતાં, આશ્ચર્યજનક સાથે ઉદ્‌ગાર નીકળી ગયા "ઓહ માય ગોડ!" સૌપ્રથમ મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતાને ફોન કરી – આ **અંક વિશેની ઘણી બધી વાતો કરી અને શુભેચ્છાઓ આપી.**

મારા માટે આ દીપોત્સવી અંક "જેકપોટ" સમાન છે. દિવાળી ઉત્સવનો વિશ્વનો અન્નકૂટ આ અંકમાં સમાયેલો છે. મારી કલમને આ અંક ઘણું પ્રોત્સાહન પૂરું પાડશે. ચાર સંપૂટમાં આખા વિશ્વને આવરી લીધું છે.

**આ બધી જ માહિતીનું સંકલન કરનાર 'કચ્છશ્રુતિ'ની ટીમને મારા સો-સો સલામ છે.**

સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા વિદ્યાર્થીઓ માટે આ અંક 'બેસ્ટ ફ્રેન્ડ' સમાન બની રહેશે.

મારી લાઈબ્રેરીમાં મહત્ત્વના અને મારા મનગમતા પુસ્તકોમાં આ 'કચ્છશ્રુતિ દીપોત્સવી અંક'નો પણ ઉમેરો થાય છે.

મને ગર્વ છે કે હું આ મેગેઝિનમાં મારી કોલમ દ્વારા 'કચ્છશ્રુતિ'ની ટીમ સાથે અને વાચકો સાથે જોડાયેલી છું.

**આવો રસપ્રદ અને માહિતીસભર અંક જિંદગીમાં પહેલી વાર માણ્યો...** ટીમને વંદન અને ઘણી બધી શુભેચ્છાઓ.

*ભાવના અશોક ઝવેરી - ભુજ, કચ્છ*

★

### 'કચ્છશ્રુતિ'ની ઉમદા લેખન સામગ્રી અને આકર્ષક ટાઇટલ્સ

'કચ્છશ્રુતિ'ના દરેક અંકો ઉપયોગી લેખોથી સમૃધ્ધ બનીને આવતા હોઈ ભવિષ્ય માટે પુરાવા સમાન અંકો બની રહેશે, તેમાં શંકા નથી.

કચ્છ, અમદાવાદ, ગુજરાતના લોકો સહિત સર્વે વાચક વર્ગ માટે સમાચારો, લેખન સામગ્રી વગેરે જે રીતે અપાય છે તે પ્રશંસાપાત્ર છે. સાથે સુંદર ફોટોગ્રાફ, આકર્ષક કવરપેજ, 'શ્રુતિ પરિવાર'ની વાચકને કંઇક ઉમદા સામગ્રી આપવાની ભાવના બતાવે છે.

દેશની આઝાદી માટે લડનારા લોકો પૈકી કચ્છના કેટલા? કચ્છના સ્વાતંત્ર્ય સેનાનીઓની વિગતવાર સવિસ્તર ફોટા સહિત માહિતી અપાય તે માટે વિચારણા કરવા વિનંતી.

કચ્છ માટે જિંદગી પસાર કરનારા, કચ્છના સર્વાંગી વિકાસ માટે સમર્પિત લોકો કેટલા?

આપની નજરે એવી ૧૦ કચ્છી વ્યક્તિઓ કઈ? સર્વશ્રેષ્ઠ?? વિચારજો...

*ચંદ્રવદન મહેતા - ભુજ, કચ્છ*

★

### લાલન કોલેજ વિશે લેખના "સંભારણા"

મુ.ભાઈ સૂર્યકાંતભાઈના લેખ વાંચ્યા છે. ભુજની લાલન કૉલેજમાંથી ભણ્યા હોય તે દરેકને પોતપોતાના સંભારણાં હશે જ, હોય જ.

ખાસ કરીને મા સરસ્વતી, જે વિદ્યાદાની છે તેની સંસ્થાનું દરેક ઉપર ઋણ હોય છે. જે કોઈપણ કિંમતે ચૂકવી તો શકાતું નથી પણ આ સંસ્થામાં પસાર કરેલા વર્ષોને યાદ કરીએ એ મહત્ત્વનું છે.

મેં પ્રથમ વર્ષ વિજ્ઞાન પ્રવાહમાં એડમિશન લીધું ત્યારે સેવેલું સ્વપ્ન સાકાર થયું. વિજ્ઞાન પ્રવાહ લેવાની ખૂબ તમન્ના હતી. ઉપરાંત પ્રાગમહેલ એટલે જેને 'મહોલાત' કહેતાં, તેની સાથે દરેક ભુજવાસીને લાગણી હોય. ૧૯૫૫માં એસ.એસ.સી. પાસ કરીને તુરત જ પ્રથમ વર્ષ વિજ્ઞાન શરૂ થયું. તેમાં પ્રેક્ટિકલ ડિસેક્ષનનું ઘણું મહત્ત્વ. ૧ પ્રકરણ ૪ વખત વાંચતા, જેથી બધું પ્રત્યક્ષ સમજાઈ જાય.

તે જમાનામાં ડિસેક્ષન માટે Frog, Lobster; જે મુંબઈથી એકમાત્ર ઈન્ડિયન એરલાઈન્સમાં આવે. પાર્સલ ક્યારેક ન પણ પહોંચે. બાયોલોજીમાં એક પટાવાળા ભાઈ 'મુન્શી.' ઘણા સેવાભાવી અને કામ તરત જ હાથ ધરે. પાર્સલ આવી જાય એટલે તડામાર તૈયારી કરી દે.

બરાબર યાદ છે કે તા. ૨૧ જુલાઈ, ૧૯૫૬ અમારું પહેલું Frogનું ડિસેક્ષન. અમે ખૂબ જ આતુર અને આનંદમાં હતા. મુ.શ્રી વાબ્લે સાહેબે સ—રસ ડિસેક્ષન કર્યું, પછી અમારી પાસે કરાવ્યું. એક સજીવમાં ધબકતું હૃદય, જ્ઞાનતંતુની સિસ્ટમ વગેરે જોતાં અમે ભાવવિભોર બનતા.

તે જ રાત્રે લગભગ ઘર ઉપરનાં દેશી નળિયાં કડકડકડ.... અને ઘરઘરાટી... પછી ખ્યાલ આવી ગયો કે આ તો ધરતીકંપ. તે જમાનામાં ટી.વી. - ફોન તો હતા નહીં.

બસ સ્ટેન્ડથી આવતા મુસાફરો દ્વારા અંજારના સમાચાર આવવા લાગ્યા. તે દિવસે, મારા બાપુજી અને હું ભુજમાં હતા. બાકી કુટુંબીજનો મારા બહેન ડૉ. બંસરી માંકડ (પછી ધોળકિયા) સરકારી મેટરનિટીમાં હતા ત્યાં ગયેલા.

પણ હાસ્યાસ્પદ વાત તો એ કે, નાનકડા એવા ભુજમાં અમારું Frog ડિસેક્શન, ટૉક ઑફ ધી ટાઉન બની ગયું – લોકો ટીકા કરતાં કે આના લીધે જ ધરતીકંપ થયો!!! પ્રગતિશીલ વિજ્ઞાનનો ઉપહાસ... જો કે થોડા દિવસે તે બધું શમી ગયું.

પરંતુ આજે પણ એ અનુભૂતિ તાદૃશ્ય થઈ જાય છે. વિજ્ઞાન અને ધર્મને હંમેશાં સમાંતર લાઈનમાં રાખવાથી જીવનનો સાચો મર્મ સમજી શકાય.

ટૂંકમાં, આ અને આવા અનેક સંભારણાઓ ભુજની લાલન કૉલેજ સાથે સંકળાયેલા છે. 'કચ્છશ્રુતિ'માં તેની લેખમાળાથી દરેક વાતો, ઘટનાઓ અત્યારે સ્મૃતિપટ પર તાજી થઈ છે. એ માટે લેખમાળાના લેખકશ્રી સૂર્યકાંતભાઈ ભટ્ટ અને 'કચ્છશ્રુતિ'ના તંત્રી મંડળને ખૂબ ખૂબ ધન્યવાદ સાથે અભિનંદન.

***ડૉ. નિવેદિતા દોલતરામ વોરા - વડોદરા***

***મો. ૯૮૯૮૩ ૭૫૯૧૭***

★

**આરોગ્યની યોજના સારી કે આરોગ્ય સારું?**

સરકારશ્રી દ્વારા આરોગ્યની વિવિધ યોજનાઓ જાહેર કરવામાં આવી છે. જેવી કે 'મા અમૃતમયી યોજના', 'આયુષ્માન' યોજના. આ બધી યોજનાનો લાભ તમે બીમાર પડો તો જ મળે.

બીમાર પડીને સરકારી યોજનાનો લાભ લેવો એના કરતા બીમાર જ ન પડાય એવી યોજના સરકાર કેમ નથી બતાવતી? જેમ કે લોકોનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે શુધ્ધ પાણી, હવા અને ખોરાક (ભેળસેળ વગરનો). જો આ યોજના તૈયાર કરવામાં આવે અને પ્રદૂષિત પાણી અને ભેળસેળ યુક્ત ખોરાકની દુકાનો સીલ કરવામાં આવે તો લોકો બીમાર જ પડે નહીં.

સરકારની હાલની યોજના તો ફાર્મસી એટલે દવા કંપનીવાળા અને ડૉક્ટરો માટેની હોય તેવું પ્રથમ દૃષ્ટિએ જણાય છે. કારણકે જે ઑપરેશન રૂા. ૧૦,૦૦૦/-માં થતું હોય તે જ ઑપરેશનના ત્રણથી ચાર ગણા નાણાં વસૂલ કરવામાં આવે છે. જેનું કારણે મેડીક્લેઈમ અને આરોગ્યની આ બધી યોજનાઓ છે.

જનતાએ પણ પ્રથમ અગ્રીમતા આરોગ્યને આપવી જોઈએ, પછી હોસ્પિટલને. બીજી અગત્યની વાત, દવાની ગુણવત્તા પણ આ દેશમાં ક્યાં જોવા મળે છે?

જો હવા, પાણી અને ખોરાક શુધ્ધ મળવા લાગે તો દવા કે હોસ્પિટલની જરૂરિયાત રહેશે જ નહીં. તેથી બીમાર પડવા કરતાં સ્વાસ્થ્ય સારું રહે તેવી યોજના બનાવવાની જરૂર છે. આ માટે આપણે સૌએ યોગ્ય રજૂઆત કરવી પડશે.

***નીતિન એચ. સંઘવી - ગાંધીનગર***

# અન્ય સંસ્થા સમાચાર

## કલા મહાકુંભમાં રાજ્યકક્ષાએ કચ્છના વિવિધ કલાકારો ઝળક્યા

રાજ્યના વિવિધ ગામ / શહેરોમાં છુપાયેલ કલાકારોને બહાર લાવવાના હેતુથી યોજાતા કલા મહાકુંભ ઉત્સવની અંતિમ સ્પર્ધામાં જિલ્લાના ૬ કલાકારોએ રાજ્ય કક્ષાએ સફળતા હાંસલ કરી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. "કલા મહાકુંભ - ૨૦૧૮"માં તાલુકાથી માંડી પ્રદેશ કક્ષા સુધી સફળતા હાંસલ કર્યા બાદ અંજારની કિન્નરી એમ. ચંદેએ કૂચીપુડીમાં રાજ્ય કક્ષાએ દ્વિતીય, શાસ્ત્રીય સંગીતમાં આદિપુરના દક્ષ કૌશલ છાયા દ્વિતીય (બંને ૧૫થી ૨૦ વર્ષ વય જુથ), ૬૦ કે તેથી વધુના ઑપન ગ્રુપમાં દસ સ્પર્ધકો પૈકી આદિપુરના પ્રદીપ જોશીએ એકપાત્રીય અભિનયમાં તૃતીય, તબલા વાદનમાં (૨૧થી ૫૯ વય જુથ)માં નારાણપર (ભુજ)ના ધનંજય વેકરીયા તૃતીય, ઓર્ગન (૬થી ૧૪ વર્ષ)માં ગાંધીધામના દિવ્ય પંડ્યા તૃતીય અને ગીટાર વાદનમાં ભુજના સાધિક મલ્હોત્રા (૬થી ૧૪ વર્ષ વય જુથ)માં પ્રથમ સ્થાન મેળવી જિલ્લાનું નામ ઉજાળ્યું છે.

રાજ્ય કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ પૈકી અડધી રાજકોટ ખાતે અને અડધી અંકલેશ્વર ખાતે યોજાઈ હતી. અંકલેશ્વરમાં જિલ્લા રમતગમત અધિકારી કચેરી વતી દેવેન્દ્રસિંહ વાળાએ અને રાજકોટમાં મહેશ સોયાએ કલાકારોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તમામ વિજેતાઓને વિવિધ ક્ષેત્રના કલાકારો - અગ્રણીઓ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા. ***પ્રદીપ જોશી - આદિપુર***

# 'કચ્છશ્રુતિ' વિશેષ

## 'ચક્રમ'નો ચમત્કાર

**"ચિત્રલેખા" -૬૮ વાર્ષિક વિશેષાંક-૨૦૧૮માં ૫૧ ગૌરવવંતા ગુજરાતીઓના વૃત્તાંતમાં 'ચક્રમ-ચંદન' મેગેઝિનના તંત્રી અને નવલકથાકાર શ્રી ભોલાભાઈ ગોલીબારનો ગૌરવપ્રદ સમાવેશ.**

'ચક્રમ' શબ્દ સાંભળતાવેંત ભાન વગરનું કે ઓછી અક્કલવાળું પાત્ર યાદ આવે. આમ છતાંય કોઈ વ્યક્તિ ગુજરાતી મેગેઝિનનું નામ 'ચક્રમ' રાખે ખરી?

જોકે, એક અમદાવાદીએ હિંમત કરી. એને અપેક્ષાથી અધિક સફળતા પણ મળી. નામ નૂર મોહમ્મદ જુસબ સમાણા. જ્ઞાતિ કચ્છી મેમણ-મુસ્લિમ. એ જીવનગુજારો ચલાવવા અમદાવાદમાં 'એક આનાની ગોળી (પિપરમિન્ટ) બાર' બૂમો પાડીને વેચતા. એથી લોકો એમને 'ગોલીબાર' કહેતા, જે એમની ચિરંજીવ ઓળખ-અટક બની ગઈ.

એમણે ૧૯૪૩માં ગુજરાતી મેગેઝિન 'સંગીત' અને ચાર વર્ષ પછી જોક્સ-ટુચકાનું પ્રથમ ગુજરાતી માસિક મેગેઝિન 'ચક્રમ' શરૂ કર્યું. 'ચક્રમ' નામ રાખવાનું કારણ એ કે નૂર મોહમ્મદ હોશિયાર ન હોવાથી પિતા એને 'ચક્રમ' કહી ઠપકો આપતા. એતી નૂર મોહમ્મદે નક્કી કર્યું, 'ચક્રમ બનીને જીવીશ... ચક્રમ બનીને કમાઈશ.' નૂર મોહમ્મદ જુસબ (એન.જે.) 'ગોલીબાર'ને 'ચિત્રલેખા'ના સંસ્થાપક વજુ કોટક સાથે સારી મૈત્રી.

ફાતિમા-નૂર મોહમ્મદને પાંચ સંતાનમાં સૌથી નાનો પુત્ર યુનુસ. એ ભોળા સ્વભાવના લીધે છેતરાતો હોવાથી અમ્મા ફાતિમા એને હંમેશાં 'ભોળો' કહેતાં. એ પરથી યુનુસને લોકો 'ભોળાભાઈ' તરીકે ઓળખતા.

૧૯૬૬માં નૂરભાઈ જન્નતનશીન થયા એટલે મોટા પુત્ર હારુને 'ચક્રમ' સંભાળ્યું. એ વખતે ભોળો ભણતો. એણે અમદાવાદમાં એમ.એ. અને મુંબઈની જર્નાલિઝમની ડિગ્રી લીધી. હારૂન જન્નતનશીન થયા બાદ યુનુસ નૂર મોહમ્મદ (વાય.એન.) ગોલીબાર ઉર્ફે ભોળાભાઈ ગોલીબાર 'ચક્રમ'ના સુકાની બન્યા.

૧૯૭૬માં ભોળાભાઈએ ચોંકાવનારો નિર્ણય લીધો. એમણે 'ચક્રમ'ના ટાઈટલ પર લખાણ મૂક્યું : 'એક પણ જાહેરખબર વિનાનું દુનિયાનું એકમાત્ર સાપ્તાહિક.' અસામાન્ય નામ પછી 'ચક્રમ' માટે આ બીજો કસોટી કાળ, જે સફળ થયો અને વિખ્યાત પણ પામ્યો. 'લિમ્કા બુક ઑફ રેકોર્ડ્ઝે' પણ એની નોંધ લીધી છે.

'જાહેરખબરની આવક વિના લાંબા સમય સુધી મેગેઝિન કેવી રીતે ચલાવી શકાય?'

જવાબમાં 'ચક્રમ'ના સહસ્થાપક અને તંત્રી ૬૯ વર્ષી ભોળાભાઈ ગોલીબાર કહે છે, 'જર્નાલિઝમના પ્રોફેસર કહેતા હતા કે, 'જાહેરખબર વિના છાપું-મેગેઝિન ચલાવવું અશક્ય છે.' મેં એને પડકાર માની લઈને ૧૯૭૬થી 'ચક્રમ'માં જાહેરાતો લેવાની બંધ કરી. સાથે 'બચત, બીજો ભાઈ છે' કહેવત ચરિતાર્થ કરવા માટે મેગેઝિનના લેખન-પ્રકાશનથી વેચાણ સુધીની કામગીરી પરિવારના સભ્યોને સોંપી. એથી પગારખર્ચ બચે છે. કામ વધુ સારી રીતે થાય છે. સમય જતાં ભોળાભાઈએ 'ચક્રમ'માં નવા વિભાગ ઉમેર્યા. હાસ્ય મેગેઝિનને ફેમિલી મેગિઝિનની ઓળખ અપાવવા નવા વિભાગ ઉમેરીને, ૧૯૮૭માં નવું નામકરણ કર્યું 'ચક્રમ-ચંદન.' એમાં વર્ષોથી ચાલતી હાસ્યરસિક સવાલ-જવાબની કોલમ 'અજબ સવાલોના ગજબ જવાબો' આજે પણ લોકપ્રિય છે. આ જવાબ ભોળાભાઈ આપે છે તેમજ નિયમિત ધોરણે નવલકથા પણ લખે છે. જાણીને નવાઈ લાગશે કે ભોળાભાઈની 'ચક્રમ'માં ૪૮ વર્ષમાં ૬૨ હોરર સહિત ૧૭૩ નવલકથા પ્રકાશિત થઈ. જેમાં ક્રાઈમ થ્રિલર, સસ્પેન્સ થ્રિલર, સોશિયલ થ્રિલર નવલકથા હતી. ઉપરાંત ભૂતપ્રેત, ખવીસ, ડાકણ, ચુડેલ, જિન્નાત, અઘોરી વગેરે ઓછા ખેડાયેલા વિષય પર એમની અચ્છી હથોટી.

મિલનસાર સ્વભાવ ધરાવતા ભોળાભાઈ નવાજૂની જાણવા - જણાવવાના શોખીન છે. 'ગોલીબાર' અટક છતાંય બોલવામાં મીઠા છે. એમને 'કચ્છ શક્તિ પત્રકાર ઍવોર્ડ' તેમજ 'વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન'નો 'આઉટસ્ટેન્ડિંગ એચિવમેન્ટ' વગેરે ઍવોર્ડ મળ્યા છે.

'ચક્રમ' પ્રકાશનમાં ગોલીબાર ફેમિલીની ત્રીજી પેઢી એટલે કે ભોળાભાઈના પુત્ર યાસીન, મોહસીન અને રિઝવાન સક્રિય છે. પરિવારભાવનાથી વેપાર સફળ થયો. નામ 'ચક્રમ', છતાં એ નામે ગુજરાતી પત્રકારત્વમાં આજે ચમત્કાર સર્જ્યો છે.

'ચક્રમ-ચંદન' સાપ્તાહિકને મળેલી સફળતા 'ચંદન'ના લાખો વાચકોના સાથ-સહકાર અને આશીર્વાદની કમાલ છે... એમ 'ચક્રમ-ચંદન'ના પરિવારનું કહેવું છે.

વિવિધતા

# હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃધ્ધિ

## સપ્તક ગેમ



ભાવના એ. ઝવેરી

*આ રમતમાં સાત વિભાગ છે. દરેક વિભાગમાં પાંચ-પાંચ સવાલ છે. દરેક સવાલના જવાબ બારાખડીના કોઈ એક અક્ષરથી શરૂ થશે. દરેક વિભાગમાં જે પાંચ સવાલ છે તેના જવાબ એક જ અક્ષર પરથી ચાલુ કરવાના રહેશે. સાત વિભાગના જે જવાબ આવે તેનો પહેલો અક્ષર લઈને નીચે લખતા જાવ. પછી તેને ક્રમબધ્ધ ગોઠવવાથી કોઈ એક નામ થશે, જે ફિલ્મ સંગીત સાથે સંકળાયેલું છે.*

### વિભાગ-૧

૧. ભજનમાં વગાડવાનું વાજિંત્ર

૨. જમીન પર ફરતું એક જંતુ.

૩. દરેક ધંધામાં આજકાલ વર્તાય (દેખાય) છે.

૪. જેની સાથે સગાઈ થઈ હોય તે કહેવાય.

૫. લગ્ન સમયે કન્યાને સાસરિયાવાળા ગળામાં પહેરાવે.

### વિભાગ-૨

૧. સાધુનું જલપાન માટેનું ધાતુનું વાસણ.

૨. જરૂરિયાત મુજબનો જ ખર્ચ કરીને બચાવવું.

૩. સુથારનું એક સાધન.

૪. મોર્નિંગ વૉકવાળા આ કડવું પીણું પ્રેમથી પીવે છે.

૫. કાવા-દાવાનો પર્યાય.

### વિભાગ-૩

૧. દિવાળીમાં કાળી ચૌદસમાં ખણની પૂજામાં આનાથી રંગોળી કે ચિતરામણ થાય છે.

૨. શ્રીકૃષ્ણ નાનપણમાં તેમના સખા સાથે જે રમત રમતા હતા તે.

૩. વાનરની એક જાત.

૪. ખાતરી આપવી.

૫. વાહનોનું રિપેરિંગ કરાવવાનું સ્થળ.

### વિભાગ-૪

૧. આને ચા કેવી, મહેલ કેવો કે મુગટ કેવો?

૨. એક એકદમ ઊંચું વૃક્ષ.

૩. સંગીતમાં સૂરની સાથે આ પણ હોય જ.

૪. શિયાળામાં ખુલ્લામાં બેસવું હોય તો આની હૂંફ જોઈએ.

૫. જૈનોનું એક તીર્થ સ્થળ.

### વિભાગ-૫

૧. નાના બાળકોને રમવા માટે જોઈએ.

૨. ચાંદીનો અર્થ.

૩. રસોડામાં વપરાતું એક સાધન, જે ઘટ્ટને પ્રવાહી બનાવે (જૂનું નામ.)

૪. ચોકીદાર.

૫. રાજા-મહારાજાઓની સવારીનું સાધન.

### વિભાગ-૬

૧. (૧૦૦) પંખીઓનો સમૂહ.

૨. જૂના જમાનાની એક રમત.

૩. રામની ભક્તાણી.

૪. માટીના કોડિયા જેવું પહોળા મોઢાનું પાત્ર.

૫. લગ્નમાં નવવધૂને ઘરેણા પોષાકથી સજાવીએ તે.

### વિભાગ-૭

૧. અતિ સુંદર સ્ત્રી.

૨. કપાળ.

૩. દેશની સરહદના રક્ષણ માટે રાખવું પડે.

૪. ધગશ.

૫. ચિત્ર-કાવ્ય વગેરે કળા તે.

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.*

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે**

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : **ધ ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્ક લિ.,** વ્યાપાર ભવન, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| **Bank** | : **The Bhuj Mercantile Co-operative Bank Ltd.** |
| **A/C No. :** | : **463009205080402 • IFS Code : HDFCOCBMCBJ** |

**સમાજ કાર્યાલય વોટ્સએપ : ૯૬૦૧૨ ૭૫૦૭૮**

# શબ્દ શોધ : ૭૭

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ■ | ૫ | |
| ■ | | ■ | | ■ | ૬ | ૭ | | ■ |
| ૮ | | ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ |
| | ■ | ૧૨ | | | ■ | ૧૩ | ૧૪ | |
| ■ | ૧૫ | | | ■ | ૧૬ | | | ■ |
| ■ | ૧૭ | | ■ | ૧૮ | | ■ | ■ | ૧૯ |
| ■ | ૨૦ | | ૨૧ | | ■ | ૨૨ | ૨૩ | |
| ૨૪ | | ■ | | ■ | ૨૫ | | | ■ |
| ૨૬ | | ■ | ૨૭ | | | ■ | ■ | ■ |

## આડી ચાવીઓ

૧. ગુજરાતીઓનો પ્રિય નાસ્તો (૬)
૫. પોલા અવાજવાળું, બોદાઈ ગયેલું (૨)
૬. અમિતાભ બચ્ચન અને શશી કપૂર અભિનીત એક સફળ ફિલ્મ (૩)
૮. આશ્ચર્ય, નવાઈ (૪)
૧૦. વેલ (૨)
૧૨. ચંદ્રમા (૩)
૧૩. અનાથ બાળક (૩)
૧૫. ઓટનું વિરોધી (૩)
૧૬. વાંદરો (૩)
૧૭. સુંદર સ્ત્રી (૨)
૧૮. આદર (૨)
૨૦. તટસ્થપણું (૪)
૨૨. ખૂબસુરત સ્ત્રી (૩)
૨૪. મમ્મીના દિયર (૨)
૨૫. દિલકે _____ આંસુઓમેં બહ ગયે... (૩)
૨૬. શોક, દિલગીરી (૨)
૨૭. ભારતની સૌથી મોટી જેલ અહીં છે (૩)

## ઊભી ચાવીઓ

૨. ખરીદવું અને વેચાણ લેવું એ (૩)
૩. બીજી ઓક્ટોબર (૫)
૪. લસણ (૩)
૫. બોલે તેના શું વેચાય? (૨)
૭. બારી (૪)
૮. અન્ય સ્ત્રી, પારકી સ્ત્રી (૨)
૯. રમ રમ એવો અવાજ (૫)
૧૧. સપ્તાહનો પ્રથમ વાર (૨)
૧૪. બાણ (૨)
૧૫. ભરત, ભરણું, કપડાં ઉપર ગૂંથવું ખીલવું એ (૫)
૧૬. શરીરનો રંગ (૨)
૧૮. મા, બા (૨)
૧૯. વગર (૨)
૨૧. સ્થાપત્યનો જ્ઞાતા (૩)
૨૨. "_____ હર મહાદેવ" (૨)
૨૩. હદ (૨)
૨૪. "_____ વાસ..." – શ્રાદ્ધનો એક શબ્દ (૨)
૨૫. પૈડાનો આરો (૨)

## શબ્દશોધ : ૭૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | વા | જ | સ | ને | ય | ■ | મા | ગ |
| અ | જ | ન્મા | ■ | ત | મ | ત | મા | ટ |
| મો | ■ | ષ્ટ | ■ | ર | ન | ર | ■ | ર |
| લ | ■ | મી | ન | ■ | ■ | બુ | ચ | ■ |
| પા | ન | ■ | ર્મ | ■ | વ | ચ | ર | કો |
| લે | વ | ડ | દે | વ | ડ | ■ | ■ | ત |
| ક | ■ | ધા | ■ | ■ | વા | ત | હ | ર |
| ર | સો | ■ | લં | બ | ગો | ળ | ■ | કા |
| ■ | મ | ચં | ક | ■ | ળ | ■ | ના | મ |

## શબ્દ શોધ : ૭૫ / ૭૬ નો ઉકેલ મોકલાવનારના નામ

● રશ્મિ એસ. સાવલા - ભુજ
● અશોક એન. મહેતા - ભુજ
● વસંતબેન સુરેશચંદ્ર ભટ્ટ - ગાંધીનગર
● સુવાસ ડી. ગોર - ભુજ
● દિલીપ કે. શાહ - ભુજ
● વર્ષાબેન વી. ગોર - ગાંધીધામ
● અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
● ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
● રમીલા જે. ગોર - ભુજ
● અભય સી. મહેતા - મુંદ્રા
● નીલેશ વી. શાહ - ભુજ
● નીલેશ વી. શાહ - ભુજ

## ખુમારી

ધિલેંમેં વસેતી, ખુમારી અસાંજી,
કલીજીં ખુલેતી, ખુમારી અસાંજી.

મિડે ભા ઉભા રેં, વતનજે જતન લા,
છિલોછિલ છિલેતી, ખુમારી અસાંજી.

લરી પોં ડિસી દુખ, નં સુખમેં છિકોંતા,
રગારગ કુછેતી, ખુમારી અસાંજી.

ફનાગીર થિઈનેં લુટાયું સિરેંકે,
ખિવણજીં ખિવેતી, ખુમારી અસાંજી.

નમે કોય જિત કુઠ, નમોં વેંત પૂરી,
નમેસેં ચડેતી, ખુમારી અસાંજી.

ધિલેંમેં મહોભત, ખુસીજા હિલોરા,
ખુસીમેં ભિરેતી, ખુમારી અસાંજી.

અહિંસા અમનજા અયું ભેખધારી,
ભલી થિઈ ભલેતી, ખુમારી અસાંજી.

અલગ નાય કો હિત, સજો જગ જ હિકડો,
ખલકતે રમેતી, ખુમારી અસાંજી.

વજેં સાજ ભેરા, 'કમર', લય રખીનેં,
સુરીલો કુછેતી, ખુમારી અસાંજી.

*ખત્રી હુસેન ઇસ્માઇલ (કમર કચ્છી) - ભુજ, કચ્છ*
*મો. ૯૭૨૭૫૯૨૩૯૮*

## હવે શક્યતા નથી

રસ્તે ફરી મળાય હવે શક્યતા નથી,
પાછું અહીં અવાય હવે શક્યતા નથી.

મિલનની ઝંખનાને ડાળ પણ ઉગે,
સાકાર સ્વપ્ન થાય હવે શક્યતા નથી.

જો તર્જ એ હતી - ઉઘડશે સૂરો, ખરા,
ગીતો એ જ ગવાય હવે શક્યતા નથી.

જન્મો યુગાવતારોના ફરી ભલે થતા,
ગીતાઓ ફરી લખાય હવે શક્યતા નથી.

બની ગયા છે ભક્ત કૃષ્ણના દુઃશાસનો,
ચીર દ્રૌપદીના પુરાય તે હવે શક્યતા નથી.

*રમેશચંદ્ર જી. વૈદ્ય - ભુજ, કચ્છ*
*મો. ૯૫૫૮૭૨૭૧૭૬*

## જીવન કોરો આય...!!!

*વરસાદ પેતી તડે મેળે જીવ આનંદ ગનેતા*
*અસીં પણ ધરતી તે અચોંતા અસાંજી ઓળખ*
*પખવારા જીવ ચોવાજોતા. અસાંકે ડેસેનેં*
*બારી દરવાજા લાઈટું ભંધ કરી વજેતા*
*ને થોડીક વારમેં જ અસાંજો મૃત્યુ*
*જાહેર થીએતો. ઓગેજો સોપ અને*
*બોઆરીમેં ખણીને શબ ખણીને*
*બાર કઢીયેંતા. થોડોક વિચાર્યો*
*અસાંજો જીવન કોરો આય, જીવન*
*પતંગ જે દોર જેડી આય. વસવાસઘાત*
*જે દોરસે કઢીવેજે તોજી*
*ગાલ સોણીને હેડો આઘાત લગેતો*
*અખિંયે મંજા પાણી અચે ઘા લગેતો કે*
*હી કચ્છી બેફામ લખતા.*

*વિપુલ બી. જોશી 'કચ્છી બેફામ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૦૯૭ ૨૬૧૦૬*

## જોવા આવ્યો છું

સર્જન કરેલું કુદરતે આ જગત જોવા આવ્યો છું,
તારા-ચંદ્ર ને સૂર્યથી શણગારેલું જગ જોવા આવ્યો છું.

આકાશ મહીં સપ્તરંગે મઢેલું આભ જોવા આવ્યો છું,
બ્લ્યુ-ભૂરા ગગન મહીં રંગ નિહારવા હું આવ્યો છું.

વસુંધરા-પર્વતની લીલી ચાદર જોવા આવ્યો છું,
સાગર, સરિતાને સમીરથી સજેલું જગ જોવા આવ્યો છું.

કુદરતે સર્જેલા રંગબેરંગી વૃક્ષ - પુષ્પ જોવા આવ્યો છું
ને કુદરતે વિવિધ રીતે સજેલી ધરા જોવા આવ્યો છું.

આ ધરા 'દિલકશ' જોવાનો આનંદ લેવા આવ્યો છું,
ને ભરચોમાસે માટી સોડમ પ્રસરે તે લેવા આવ્યો છું.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

*તરી જવું એટલે સામે પાર જવું અને પ્રભુના અપાર તેજમાં ભળી જવું. સંસાર તરી જવા પાછળ આવી એક પવિત્ર ભાવના છુપાયેલી છે અને આવી ભવ્ય ભાવનાનો ભગવો રંગ જેને લાગે છે તે જ આ સંસારમાં તરતો રહે છે અને તરી જાય છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ઓક્ટોબર – ૨૦૧૮

**★ શનિવાર, તા. ૧૩-૧૦-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની બાકી રહેતી ઉઘરાણી, વિવિધ કાર્યક્રમના સમયે ઉઘરાવવાના થતા ફંડો તથા કચ્છશ્રુતિ માટે મેળવવાની થતી જાહેરાતો વગેરે આર્થિક પાસાની ચર્ચા કરવા આજે અનૌપચારિક રીતે કેટલાક સભ્યો સમાજની ઓફિસ પર એકત્રિત થયેલ હતા. જેમાં શ્રી અશોક મહેતા, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી જેન્તીભાઈ લાકડાવાલા, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી હીરેન પલણ, શ્રી દિનેશભાઈ મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ પ્રશ્ને વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી અને ટ્રસ્ટ મંડળની મંજૂરીની અપેક્ષાએ નીચે મુજબના ૮ સભ્યોના કોર ગ્રુપની રચના કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૧) શ્રી ભરતભાઈ ઓઝા, (૨) શ્રી જગદીશભાઈ ઠક્કર, (૩) શ્રી અતુલભાઈ સોની, (૪) શ્રી મનુભાઈ કોટડિયા, (૫) શ્રી જેન્તીભાઈ લાકડાવાલા, (૬) શ્રી હરસુખભાઈ પટેલ, (૭) શ્રી દીપકભાઈ ચૌહાણ, (૮) શ્રી હીરેનભાઈ પલણ. આ કોર ગ્રુપની મીટિંગ મહિનામાં બે વખત (બીજા અને ચોથા ગુરૂવારે) નિયમિતપણે મળતી રહે તેવું પણ નક્કી કરવામાં આવેલ હતું.

**★ ગુરૂવાર, તા. ૧૮-૧૦-૧૮ (દશેરા)**

- આજે શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદ આયોજિત મંગલદીપ પાર્ટી પ્લોટ પર નવરાત્રી રાસ-ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં વાગડ લોહાણા સમાજના તથા અન્ય અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

**★ શુક્રવાર, તા. ૧૯-૧૦-૨૦૧૮**

- 'કચ્છશ્રુતિ'નો દીપોત્સવી વિશેષાંક કે જે માહિતી વિશેષાંક તરીકે બહાર પાડવામાં આવેલ છે તે પ્રિન્ટ થઈને આજે સમાજ પર આવી ગયેલ છે. આવતીકાલે તે દરેક ગ્રાહકને પોસ્ટ કરવામાં આવશે.

**★ શનિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૮**

- આજે શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદના બાગબાન પાર્ટી પ્લોટ ખાતે નવરાત્રી રાસ ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ ગરબા કાર્યક્રમની વિશેષતા એ રહેલ હતી કે કાર્યક્રમ દરમ્યાન સમાજના ધૂરંધર મહાનુભાવોએ પણ સ્વયંસેવક તરીકે પોતાની ફરજ બજાવેલ હતી. અનેક લોકોએ ઉપસ્થિત રહી, આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

**★ બુધવાર, તા. ૨૪-૧૦-૨૦૧૮ (શરદ પૂનમ)**

- આજે શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિનો શરદ પૂનમના અનુસંધાને નવરાત્રી રાસ-ગરબાનો કાર્યક્રમ સુશીલાબેન રતિલાલ હોલ - નવરંગપુરા ખાતે યોજવામાં આવેલ હતો. અમદાવાદ સ્થિત મોટાભાગના જ્ઞાતિજનોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો. આ કાર્યક્રમમાં ભુજથી શ્રી શૈલેષભાઈ કંસારા સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા. ■

# કચ્છશ્રુતિ લવાજમ

'કચ્છશ્રુતિ'ના સપ્ટેમ્બર-૨૦૧૮ના અંકથી, માત્ર તેના લવાજમ ભરનાર સભ્યોને જ મોકલવાનું શરૂ કરી દેવામાં આવેલ છે. જે જે મહાનુભાવોને સપ્ટેમ્બર તથા ઓક્ટોબર-૨૦૧૮ના અંકો મળ્યા નથી તેઓને પોતાના લવાજમો તાત્કાલિક સમાજની ઑફિસ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે. જેઓ હજુ સુધી કચ્છશ્રુતિના અંકો મંગાવતા નથી તેઓને પણ પોતાના લવાજમ વહેલી તકે મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

કચ્છશ્રુતિના પ્રવર્તમાન લવાજમના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| *બે વર્ષનું લવાજમ* | : | *રૂા. ૫૦૦/-* |
| *પાંચ વર્ષનું લવાજમ* | : | *રૂા. ૧,૦૦૦/-* |
| *આજીવન (પંદર વર્ષનું) લવાજમ* | : | *રૂા. ૧૫૦૦/-* |

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS



**BRASS** CAGES

CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES

**STEEL** CAGES

DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES

**POLYAMIDE** CAGES

DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES

**STAMPED** COMPONENTS

AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION

DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA
ENGINEERS

www.harshaengineers.com

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ





**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, ઓબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર

+91 98793 01004
+91 93740 01004

**પ્રેરણા સ્ત્રોત**

- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્

શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

---

**Mahendra Sangoi**
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

---

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ

એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુળધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

---

**Bharat B. Gala** **Nanvinchandra D. Dedhia**

SRE

**Raju** ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

---

## ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ

મો. ૯૮૯૮૧૯૮૬૧૬

**દાંતના ડૉક્ટર**

૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભટ્ટા, પાલડી, અમદાવાદ.

૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.

મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

---

**INSTA-POWER**
Humble Efforts to Provide Quality Power

www.comfortinstapower.com

ISO 9001:2008, Certified Company

**DISTRIBUTION TRANSFORMER**
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014

**OTHER PRODUCTS**
- Furnace Transformer
- Lighting Transformer
- Isolation Trnasformer
- Online UPS
- Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

*WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB*

**COMFORT INSTA-POWER LTD.**

| Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489 | Works 2 (Waghodia - Vadodara) |
|---|---|---|

---

## જાહેરાત આવકાર્ય

## જાહેરાત આવકાર્ય

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674
બેંકની વિવિધ સગવડો
■ FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
■ C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
■ S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
■ RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
■ ATM Card ■ Lockers ■ Free SMS Alert
■ રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
■ રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL
બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

DCPL
DHOLUCON
Mohan Dholu | 98250 84330
Director | mpdholu@gmail.com
DHOLU CONSTRUCTION
AND PROJECTS LIMITED
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax: +91 79 2656 44 36 email: dholucon@gmail.com
MINING CONTRACTORS

INDOTEX
PAINTS
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

Available on HIRE
- Gas Engine Driven Generators Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

We Provide
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy

Corporate Office :
Deep Industries Limited
6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema, S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
Deep Industries Limited
Opp. Suryanarayan Bunglows, State Highway, Motera, Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor, 3rd Eye One, Near Panchvati, C. G. Road, Ahmedabad-380 006, Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

RADHA VALLABH GROUP
Bonafide Brokers
Nelco Agency
Aryan Agency
Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky, Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719
Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719
Hirenkumar : M. 98799 97777

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO


Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)